Extra No. 61

REGISTERED No. L 2/RNP/G/GNR-84
વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૦૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

### PUBLISHED BY AUTHORITY

VOL. LIV ] MONDAY, APRIL 1, 2013/CAITRA 11, 1935

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

### PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧લી એપ્રિલ, ૨૦૧૩

તારીખ : ૧લી એપ્રિલ, ૨૦૧૩ ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ) માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૨૦૧૩ ના ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૧૧ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

**આર. એમ. ભાવસાર,**
સરકારના નાયબ સચિવ.

**GUJARAT ACT NO. 11 OF 2013.**

## THE GUJARAT FIRE PREVENTION AND LIFE SAFETY MEASURES ACT, 2013.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજયપાલે સન ૨૦૧૩ના એપ્રિલ મહિનાની ૧લી તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

સી.જે.ગોઠી,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

**GUJARAT ACT NO. 11 OF 2013.**

***AN ACT***

*to make effective provisions for the fire prevention, safety and protection of life and property, in various types of buildings and temporary structures or shamiyana or tents or mandap likely to cause a risk of fire in different areas in the State of Gujarat and for matters connected therewith or incidental thereto.*

**સન ૨૦૧૩નો ગુજરાત અધિનિયમ ક્રમાંક: ૧૧ .**

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૧૩ના એપ્રિલ મહિનાની ૧લી તારીખે ''ગુજરાત સરકારી રાજપત્ર'' માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો.)

ગુજરાત રાજયમાં જુદા જુદા વિસ્તારોમાં આગનું જોખમ ઊભું થવાની સંભાવના હોય તેવા જુદા જુદા પ્રકારના બાંધકામો અને કામચલાઉ માળખા અથવા શમિયાણા અથવા તંબુ (ટેન્ટ)અથવા મંડપમાં અગ્નિનિવારણ, જીવન અને મિલકતની સલામતી અને રક્ષણ માટે અસરકારક જોગવાઈઓ કરવા અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટેનો અધિનિયમ.

ગુજરાત રાજયમાં જુદા જુદા વિસ્તારોમાં આગનું જોખમ ઊભું થવાની સંભાવના હોય તેવા જુદા જુદા પ્રકારના બાંધકામો અને કામચલાઉ માળખા અથવા શમિયાણા અથવા તંબુ(ટેન્ટ) અથવા મંડપમાં અગ્નિનિવારણ, જીવન અને મિલકતની સલામતી અને રક્ષણ માટે, અગ્નિશમન સેવાની ફી માટે, ખાસ ફંડ ઊભું કરવા માટે અને તેની સાથે સંકળાયેલ અથવા તેને આનુષંગિક હેતુઓ માટે અસરકારક જોગવાઈઓ કરવી ઈષ્ટ છે;

આથી, ભારતના ગણરાજયના ચોસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

## પ્રકરણ ૧
## પ્રારંભિક

ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ ગુજરાત અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક અધિનિયમ, ૨૦૧૩ કહેવાશે.

(૨) તે સમગ્ર ગુજરાત રાજયને લાગુ પડે છે.

(૩) તે, રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નક્કી કરે તે તારીખથી કોઈપણ વિસ્તારને લાગુ પડશે અને જુદા જુદા વિસ્તારો અને અધિનિયમની જુદી જુદી જોગવાઈઓ માટે જુદી જુદી તારીખો નક્કી કરી શકાશે.

વ્યાખ્યા.

૨. (૧) આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(ક) **"બાંધકામ"**નો અર્થ, સામાન્ય વિકાસ નિયંત્રણ વિનિયમો (GDCR) અથવા સંબંધિત કાયદા અથવા આ અધિનિયમ જે વિસ્તારને લાગુ પડતો હોય તે વિસ્તારમાં તત્સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદામાં તેનો જે અર્થ કરવામાં આવ્યો હોય તે થશે અને તેમાં સ્થળો અથવા જમીન અથવા મકાન ધરાવતી જગ્યાઓ અથવા જમીન કે મકાનનો ભાગ, આવા મકાન અથવા તેના કોઈ ભાગને સંબંધિત આઉટહાઉસ, કોઈ હોય તો, તેનો સમાવેશ થાય છે અને અધિકૃત કરેલ હોય અથવા અન્યથા હોય તેવી પેટ્રોલ, ડીઝલ અથવા ગેસ લાઈન, કોમ્યુનિકેશન (સંચાર) લાઈન, પાવર ઈન્સ્ટોલેશન અથવા પંપનો પણ સમાવેશ થાય છે;

(ખ) **"બાંધકામને લગતાં પેટા-કાયદા"** એટલે કોઈપણ સંબંધિત કાયદા હેઠળ કરેલાં બાંધકામના પેટા-કાયદા, નિયમો અથવા વિનિયમો અને તેમાં ગમે તે નામે ઓળખાતા જી.ડી.સી.આર.(GDCR) અથવા વિનિયમોનો અથવા આ અધિનિયમ જે વિસ્તારને લાગુ પડતો હોય તે વિસ્તારમાં તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઈ કાયદા હેઠળ કરેલા બાંધકામને બીજા કોઈ નિયમો અથવા વિનિયમોનો સમાવેશ થાય છે;

(ગ) **"મુખ્ય અગ્નિશમન અધિકારી (ચીફ ફાયર ઓફીસર)"** એટલે કલમ ૧૦ હેઠળ વર્ગીકૃત કર્યા પ્રમાણેની વ્યક્તિ;

સન ૧૯૪૯નો મુંબઈનો ૫૯મો.

(ઘ) **"કમિશનર"** નો અર્થ ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન-અધિનિયમ, ૧૯૪૯ની કલમ ૨ના ખંડ (૯)માં તેનો જે અર્થ કરવામાં આવ્યો હોય તે થશે;

(ચ) **"નિયામક"** એટલે કલમ ૬ હેઠળ નીમાયેલ વ્યક્તિ;

(છ) "આપત્તિ"નો અર્થ, ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ, ૨૦૦૩ની કલમ ૨ના ખંડ (ઝ)માં, તેનો જે અર્થ કરવામાં આવ્યો હોય તે થશે; સન૨૦૦૩નો ગુજરાતનો ૨૦મો.

(જ) "આકસ્મિક સેવા" એટલે માનવનિર્મિત કે કુદરતી આપત્તિ અથવા જયાં જીવન જોખમમાં હોય તેવી કોઇ પરિસ્થિતિમાં પૂરી પાડવી જરૂરી હોય તેવી સેવાઓ;

(ઝ) "બાંધનાર" એટલે લોકોના નિયમિત અથવા કામચલાઉ ભોગવટા માટે જે વ્યકિત શમિયાણા અથવા તંબુ(ટેન્ટ) અથવા મંડપ બનાવે અથવા કોઈ માળખું ઊભુ કરે તે વ્યક્તિ અથવા વ્યક્તિઓનું મંડળ, પછી તે કોર્પોરેટ હોય કે અન્યથા હોય;

(ટ) "ફી" એટલે કલમ ૩૦ હેઠળ લેવાની ફી;

(ઠ) "અગ્નિશમન વિભાગ (ફાયર ડિવિઝન)" એટલે રાજ્ય સરકાર દ્વારા આ અધિનિયમના હેતુ માટે અગ્નિશમન વિભાગ તરીકે, સામાન્ય અથવા ખાસ રીતે જાહેર કરેલું અને ઠરાવવામાં આવે તેટલી સંખ્યામાં અગ્નિશમન પેટા-વિભાગ (ફાયર સબ-ડિવિઝન) ધરાવતું કોઈ ક્ષેત્ર;

(ડ) "અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ઉપાય (પગલાં)" એટલે આગ લાગવાના કિસ્સામાં, અગ્નિનિવારણ, નિયંત્રણ અને શમન માટેના અને જીવન અને મિલકતની સલામતી સુનિશ્ચિત કરવા માટે તત્સમયે અમલમાં હોય તેવા બાંધકામને લગતાં પેટા-કાયદા અનુસાર જરૂરી હોય તેવા અથવા કોઈ કાયદા અથવા ભારતના રાષ્ટ્રીય ઈમારત અધિનિયમની જોગવાઈઓથી અથવા તે હેઠળ ફરમાવવામાં આવ્યા હોય તેવા પગલાં;

(ઢ) "અગ્નિશમન પ્રદેશ (ફાયર રિજીયન)" એટલે રાજ્ય સરકાર દ્વારા આ અધિનિયમના હેતુ માટે, અગ્નિશમન પ્રદેશ તરીકે સામાન્ય અથવા ખાસ રીતે જાહેર કરેલું અને ઠરાવવામાં આવે તેટલી સંખ્યામાં અગ્નિશમન વિભાગ ધરાવતું કોઈ ક્ષેત્ર;

(ત) "અગ્નિ સલામતી અધિકારી (ફાયર સેફટી ઓફીસર)" એટલે આ અર્થે નિર્દિષ્ટ કરેલ ચોક્કસ જગ્યાઓ અને બાંધકામો(મકાનો)માં અગ્નિનિવારણ અને આગ બચાવ માટેના પગલાં લેવાનું સુનિશ્ચિત કરવા માટેના સાધનો સ્થાપિત (ઈન્સ્ટોલ) કરેલ હોય, તેવી જગ્યાઓ અને બાંધકામો (મકાનો)ના માલિકો અને ભોગવટો કરનારાઓ દ્વારા આ અધિનિયમની કલમ ૧૨ હેઠળ અગ્નિ સલામતી અધિકારી તરીકે નીમાયેલ વ્યક્તિ;

(થ) **"ફંડ"** એટલે કલમ ૩૨ હેઠળ રચવામાં આવેલું ફંડ;

સન૧૯૭૬નો રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મો.

(દ) **"જી.ડી.સી.આર. (GDCR)"** એટલે ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ની પેટા-કલમ (૨)ના ખંડ (ત) હેઠળ કરેલા સામાન્ય વિકાસ નિયંત્રણ વિનિયમો;

(ધ) **"લાઈસન્સ ધરાવતી એજન્સી"** એટલે કલમ ૨૮ની પેટા-કલમ (૧) હેઠળ લાઈસન્સ ધરાવતી કોઇ વ્યકિત અથવા વ્યકિતઓનું મંડળ (એસોસિયેશન);

સન૧૯૭૩નો ગુજરાતનો ૧૩મો.

(ન) **"હાઉસિંગ સોસાયટી"** માં, ગુજરાત માલિકી ફ્લેટ અધિનિયમ, ૧૯૭૩ હેઠળ વ્યાખ્યાયિત કર્યા મુજબના રજિસ્ટર થયેલા તમામ નિવાસી અને બિનનિવાસી અથવા બંને પ્રકારની હોય તેવી હાઉસિંગ સોસાયટીઓ, ફ્લેટનો ભોગવટો કરનાર માલિકો અથવા સહમાલિકોના મંડળ (એસોસિયેશન)નો સમાવેશ થાય છે;

(પ) **"સ્થાનિક સત્તામંડળ"** એટલે સંબંધિત સ્થાનિક સત્તામંડળના કાયદા હેઠળ રચવામાં આવેલા મ્યુનિસિપલ કોર્પોરેશન, નગરપંચાયત, નગરપાલિકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, ગ્રામ પંચાયત, નોટિફાઇડ એરિયા સમિતિ અથવા કેન્ટોન્ટમેન્ટ બોર્ડ;

(ફ) **"સ્થાનિક અગ્નિશમન સેવા"** એટલે કલમ ૩ હેઠળ રાજય સરકાર, જાહેર કરે તેવી સ્થાનિક અગ્નિશમન સેવા;

(બ) **"ભારતનો રાષ્ટ્રીય ઈમારત અધિનિયમ"** એટલે ભારતીય ધોરણો (ઈન્ડિયન સ્ટાન્ડર્ડસ)ના બ્યુરો દ્વારા વખતોવખત પ્રસિદ્ધ કરવામાં આવેલા, ઈમારતો, સ્થળો, જગ્યાઓ, વર્કશોપ, વેરહાઉસ અને ઉદ્યોગોમાં અમલ મૂકવા જોઈએ તેવા અગ્નિનિવારણ અને જીવન સલામતી માટેનાં પગલાં જેમાં સમાવિષ્ટ કરવામાં આવેલા હોય તેવું પુસ્તક અથવા પુસ્તકો;

(ભ) **"નામનિયુકત અધિકારી"** એટલે આ અધિનિયમ હેઠળ ઠરાવેલી ફરજો અને કાર્યો બજાવવા માટે, ઠરાવેલી લાયકાત ધરાવનાર અને નિયામકે અથવા પ્રાદેશિક અગ્નિશમન અધિકારીએ (રિજિયોનલ ફાયર અધિકારી) અથવા મુખ્ય અગ્નિશમન અધિકારીએ (ચીફ ફાયર ઓફીસર) નામનિયુકત કરેલ અધિકારી;

(મ) **"ભોગવટો"** એટલે જેના માટે કોઈ મકાન કે મકાનના કોઇ ભાગનો ઉપયોગ કરવામાં આવતો હોય કે ઉપયોગ કરવાનો ઈરાદો હોય, તેવો તેના પર આધારિત હોય તેવા ગૌણ(પેટા) ભોગવટા સહિતનો મુખ્ય ભોગવટો;

(ય) **"ભોગવટો કરનાર"** નો અર્થ, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૨ના ખંડ (૧૬)માં, તેનો જે અર્થ કરવામાં આવ્યો છે તે થશે; સન ૧૯૭૬નો રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક. ૨૭મો.

(ર) **"માલિક"** નો અર્થ, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૨ના ખંડ (૧૭)માં તેનો જે અર્થ કરવામાં આવ્યો છે તે થશે અને તેમાં હાઉસિંગ સોસાયટીઓનો પણ સમાવેશ થશે; સન ૧૯૭૬નો રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક. ૨૭મો.

(લ) **"જગ્યા"** એટલે કોઇ જમીન અથવા કોઇ મકાન કે મકાનનો કોઇ ભાગ અને તેમાં બગીચાનું મેદાન અને મકાન કે મકાનનો કોઇ ભાગ સંબંધિત આઉટહાઉસનો, કોઇ હોય તો, અને વિસ્ફોટકો, વિસ્ફોટક પદાર્થ અને જોખમકારક રીતે જ્વલનશીલ પદાર્થને રાખવા માટે જેનો ઉપયોગ કરવામાં આવતો હોય તેવી કોઇ જમીન કે કોઇ મકાન કે તેને સંબંધિત મકાનના કોઇ ભાગનો સમાવેશ થાય છે;

(વ) **"ઠરાવેલું"** એટલે કલમ ૫૭ હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલું;

(વક) **"પ્રાદેશિક અગ્નિશમન અધિકારી"** એટલે કલમ ૮ હેઠળ નીમાયેલી વ્યકિત;

(વખ) **"વિનિયમો"** એટલે કલમ ૫૮ હેઠળ નિયામકે કરેલા વિનિયમો;

(વગ) **"શમિયાણા અથવા તંબુ (ટેન્ટ) અથવા મંડપ"** એટલે તણખલા, સૂકું ઘાસ, લીલું ઘાસ, ગોળપટ્ટા, હોગળા (hogla), ડરમા (darma), કાથી, શણ, કપડું અથવા કાયમી કે સ્થાયી ભોગવટા માટે વપરાતા ના હોય તેવા પદાર્થોમાંથી બનાવેલ છાપરા કે દિવાલવાળું કામચલાઉ માળખું;

(૨) આ અધિનિયમમાં વાપરેલા પણ વ્યાખ્યાયિત ન કરેલા શબ્દો અને શબ્દપ્રયોગોનો અર્થ, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ અથવા ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ, ૨૦૦૩ અથવા યથાપ્રસંગ, સ્થાનિક સત્તામંડળોને લગતાં બીજા કોઇપણ કાયદા અને તે હેઠળ કરેલા નિયમોમાં તેમનો જે અર્થ કરવામાં આવ્યો છે તે થશે. સન ૧૯૭૬નો રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક. ૨૭મો. સન ૨૦૦૩નો ગુજરાતનો ૨૦મો.

## પ્રકરણ ૨
## અગ્નિશમન સેવાનું વ્યવસ્થાતંત્ર, દેખરેખ, નિયંત્રણ અને નિભાવ

૩. (૧) સમગ્ર રાજ્ય માટે એક જ રાજ્ય અગ્નિશમન સેવા રહેશે અને અગ્નિશમન સેવાના તમામ અધિકારીઓ અને તાબાની સેવામાં હોદ્દો ધરાવનારા, અગ્નિશમન સેવાની કોઇપણ કચેરીમાં સ્થળ નિમણૂક માટે બંધાયેલા રહેશે : સમગ્ર રાજ્ય માટે એક જ પ્રકારની અગ્નિશમન સેવા.

પરંતુ રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, કોઇ ફાયર બ્રિગેડ (આગ હોલવનારાની ટુકડી) અથવા ગમે તે નામે ઓળખાતી રાજ્યમાંની કોઇ સ્થાનિક સત્તામંડળની બીજી કોઇ સ્થાનિક અગ્નિશમન સેવા, તે, કોઈપણ સમયે રાજ્ય અગ્નિશમન સેવાનો ભાગ બનશે અથવા તેનો ભાગ બનશે નહિ તેમ જાહેર કરી શકશેઃ

વધુમાં, આ જોગવાઇ, કોઇ ચોક્કસ બાંધકામ અથવા ઉદ્યોગને અગ્નિરક્ષણની સેવા પૂરી પાડવા માટે, તેના માલિક અથવા ભોગવટો કરનાર દ્વારા નિભાવવામાં આવતી ખાનગી અગ્નિશમન સેવાઓને લાગુ પડશે નહિ.

(૨) આ અધિનિયમમાં અથવા સ્થાનિક સત્તામંડળોને લગતાં તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઇ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તે તારીખથી અમલમાં આવે તે રીતે, કોઇ ફાયર બ્રિગેડની અથવા અગ્નિનિવારણને લગતી સેવાઓને, રાજ્ય અગ્નિશમન સેવાના ભાગ તરીકે જાહેર કરી શકશે.

(૩) પેટા-કલમં (૨) હેઠળની આવી જાહેરાતથી,-

(૧) આવા સ્થાનિક સત્તામંડળના વિસ્તારોમાં અગ્નિશમન સેવા પૂરી પાડવા માટે જવાબદાર હોય તેવા અધિકારીઓ અને કર્મચારીઓનો, જાહેર કરવામાં આવે તેવી બોલીઓ અને શરતોને અધીન રહીને, રાજ્ય અગ્નિશમન સેવામાં સમાવેશ કરી લીધેલ હોવાનું ગણાશે;

(૨) આવી રીતે સમાવિષ્ટ કરી લીધા પછી, રાજ્ય સરકાર નક્કી કરે તેવી બોલીઓ અને શરતો કર્મચારીઓને લાગુ પડવા પાત્ર રહેશે;

(૩) જાહેરાત કર્યાની તરત પહેલાં, કોઇ અગ્નિશમન અધિકારી સમક્ષની તમામ નિકાલ બાકી કાર્યવાહી,પેટા-ખંડ (૨) હેઠળ જે હોદ્દા પર તેની નિમણૂક કરેલ હોવાનું ગણાશે, તે હોદ્દા સમક્ષની નિકાલ બાકી કાર્યવાહી હોવાનું ગણાશે;

(૪) આવા સ્થાનિક સત્તામંડળોની અગ્નિશમન સેવાને લગતી તમામ અસ્કયામતો, હક અને જવાબદારીઓ, રાજ્ય સરકાર યોગ્ય ગણે તેવી બોલીઓ અને શરતોને અધીન રહીને, રાજ્ય અગ્નિશમન સેવાને તબદીલ થયેલ હોવાનું ગણાશે;

(૫) રાજ્ય સરકાર, પોતે યોગ્ય ગણે તેવા જરૂરી પગલાં લઇ શકશે.

૪. સમગ્ર રાજયની અગ્નિશમન સેવા પર દેખરેખ અને નિયંત્રણ રાખવાનું રાજય સરકારમાં નિહિત થશે અને અગ્નિશમન સેવાનું સંચાલન, આ અધિનિયમ અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓ અનુસાર, રાજય સરકાર, આ અર્થે, વખતોવખત નિમણૂક કરે તેવા અગ્નિશમન અધિકારી મારફતે, રાજય સરકાર દ્વારા થશે. અગ્નિશમન સેવા પર દેખરેખ રાખવાનું રાજય (સરકાર)માં નિહિત થશે.

૫. (૧) આ અધિનિયમની જોગવાઈઓને અધીન રહીને, રાજય અગ્નિશમન સેવા, રાજય સરકાર સામાન્ય અથવા ખાસ હુકમથી નક્કી કરે તેટલી સંખ્યામાં જુદા જુદા હોદ્દા ધરાવતા સ્ટાફના સભ્યોની બનશે અને તેવું વ્યવસ્થાપન અને તેવી સત્તા ધરાવશે, અને તેવા કાર્યો અને ફરજો બજાવશે. અગ્નિશમન સેવાની રચના અને વર્ગીકરણ.

(૨) રાજય સરકાર, નિયમોથી,-

(ક) રાજય અગ્નિશમન સેવાની જુદી જુદી જગાઓ;

(ખ) સ્ટાફની ભરતી, જગાનો ગ્રેડ, લાયકાત, પગાર, ભથ્થાં અને તેમાં રોકાયેલા અધિકારીઓ અને બીજા સ્ટાફની સેવાની શરતો અને તેની સાથે સંકળાયેલી બાબતો ઠરાવી શકશે.

(૩) રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, રાજયમાંની જુદી જુદી વિદ્યમાન અગ્નિશમન સેવાઓની વિદ્યમાન પદ્ધતિની સમીક્ષા કરી શકશે અને પોતે યોગ્ય ગણે તો તેમાં ફેરફાર કરી શકશે:

પરંતુ સ્થાનિક અગ્નિશમન સેવાઓ માટે, આ પેટા-કલમ હેઠળ કરેલા નિયમોમાં, સ્ટાફની ભરતીની પદ્ધતિ, પગાર, ભથ્થાં અને તેની સાથે સંકળાયેલી બાબતોનો સમાવેશ કરી શકાશે નહિ.

(૪) આ અધિનિયમથી અથવા તે હેઠળ અન્યથા જોગવાઈ કરવામાં આવી હોય તે સિવાય, આ અધિનિયમના આરંભની તરત પહેલાંની તારીખે, કોઈપણ સત્તામંડળની વિદ્યમાન ફાયર બ્રિગેડ અથવા અગ્નિશમન સેવામાં હોદ્દો ધરાવતી દરેક વ્યક્તિ, પછી તે મુખ્ય અગ્નિશમન અધિકારી અથવા અગ્નિશમન અધિકારી અથવા સ્ટાફ અથવા કર્મચારી (પછી તેને જે કંઈ નામ આપવામાં આવ્યું હોય, તે) હોય, આવી તારીખની તરત પહેલાં તેને લાગુ પડતી હોય તે જ બોલીઓ અને શરતો સાથે તે પોતાનો હોદ્દો ધરાવવાનું ચાલુ રાખશે અને પહેલાં વાપરતા હોય તેવી સત્તા વાપરશે અને તેવી ફરજો બજાવશે અને તદુપરાંત, આ અધિનિયમથી અથવા તે હેઠળ મળેલી સત્તા વાપરશે.

નિયામકની નિમણૂક.

૬. (૧) રાજય સરકાર, નિયામક તરીકે એક વ્યક્તિની નિમણૂક કરશે અને નિયામકને આ અધિનિયમ અને તે હેઠળ કરેલા નિયમોથી મળેલી સત્તા વાપરવા અથવા ફરજો અથવા કાર્યો બજાવવામાં સહાય કરવા, વખતોવખત જરૂરી હોય તેવા બીજા અધિકારીઓ અને સ્ટાફની નિમણૂક કરશે.

(૨) આ રીતે નિમાયેલા નિયામકની હકૂમત, અગ્નિશમન સેવાને લગતી બાબતોમાં સમગ્ર રાજયને લાગુ પડશે.

(૩) રાજય સરકારના નિયંત્રણ, આદેશો અને દેખરેખને અધીન રહીને, નિયામકે, આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોથી તેમને મળેલી સત્તા વાપરવી જોઇશે અને તેમને સોંપવામાં આવેલા કાર્યો કરવા જોઇશે અને તેવી ફરજો બજાવવી જોઇશે.

નિયામકની સત્તા, ફરજો અને કાર્યો.

૭. (૧) કલમ ૬ની પેટા-કલમ (૩)ની જોગવાઇઓને બાધ આવ્યા સિવાય, નિયામક,-

(૧) નિયામકની કચેરીમાંના ખાતાના વડા તરીકે કાર્ય કરશે;

(૨) આ અર્થે કરેલા નિયમોને અધીન રહીને, નિયામક, ગુજરાત રાજય ગૌણ સેવા પસંદગી મંડળની ભલામણોને આધારે તાબાના કર્મચારી વર્ગની નિમણૂક, રાજય સરકાર નક્કી કરે તેવી પગાર અને ભથ્થાંની બોલીઓ અને શરતો મુજબ કરી શકશે;

(૩) અગ્નિશમન સેવાઓના વિકાસ માટે કેન્દ્ર સરકાર અને રાજય સરકાર સાથે સંપર્કમાં રહેશે;

(૪) રાજયમાં અગ્નિશમન સેવાઓના વિકાસના સંબંધમાં નીતિઓ ઘડશે અને રાજય સરકારની મંજૂરીથી, તેના અમલ માટેના પગલાં લેશે;

(૫) અગ્નિનિવારણ અને અગ્નિ સલામતી અંગેના પગલાંને લગતી બાબતોમાં, તમામ સત્તામંડળો પર દેખરેખ અને નિયંત્રણ રાખશે અને રાજય સરકારની મંજૂરીને અધીન રહીને, કોઇપણ સત્તામંડળને, તેમના દ્વારા નિભવવામાં આવતી અથવા નિભાવવી જરૂરી હોય તેવી અગ્નિશમન સેવાઓને લગતાં આદેશ આપી શકશે;

(૬) રાજયમાં અગ્નિશમન સેવાઓના ધોરણમાં અદ્યતન સુધારા કરવાના હેતુથી, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ફોરમમાં રાજય સરકારનુ પ્રતિનિધિત્વ કરશે;

(૭) સત્તામંડળો દ્વારા અગ્નિશમન સેવાઓનો અસરકારક અમલ થાય તે માટે, આગબચાવની સાધનસામગ્રી, આગબચાવ માટેની સાધનસંપત્તિ અને આગબચાવની કામગીરીમાં રોકાયેલ માનવશક્તિ-ની સમયાંતરે સમીક્ષા કરવાના સંબંધમાં, પ્લાન અને દરખાસ્તો તૈયાર કરવા જોઇશે અને રાજય સરકારને રજૂ કરવા જોઇશે;

(૮) ગંભીર આગના, મકાન તૂટી પડવાના અને બીજી આકસ્મિક સેવાઓના કિસ્સામાં, આવશ્યક કાર્યવાહી કરવી જોઇશે અથવા કરાવડાવવી જોઇશે અને અસરકારક પગલાં લેવા જોઇશે અથવા લેવડાવવા જોઇશે;

(૯) આગના કારણ અંગે તપાસ કરવી જોઇશે અથવા કરાવડાવવી જોઇશે અને સત્તામંડળોને આગબચાવ માટેના સાવચેતીના પગલાં લેવા માટેની સલાહ આપવી જોઇશે;

(૧૦) રાજય સરકારને, સ્થાનિક સત્તામંડળના અધિકારીઓ અને સ્ટાફને તાલીમ આપવા માટે વધારાના આગબચાવ તાલીમ કેન્દ્ર અથવા કેન્દ્રો સ્થાપવાનું સૂચન કરવું જોઇશે, તે જ રીતે ખાનગી ક્ષેત્રની જુદી જુદી ફેક્ટરીઓ, વાણિજિયક અને વેપારી સંસ્થા(પેઢી)-ને જોઇતી વસ્તુઓ પૂરી પાડવી જોઇશે અને તેમના અધિકારીઓ અને સ્ટાફને તાલીમ આપવી જોઇશે અથવા તેમને અગ્નિશમન સેવાને લગતા તાલીમબદ્ધ અને લાયકાત ધરાવતા કર્મચારીઓ પૂરા પાડવા જોઇશે;

(૧૧) કોઇપણ વિસ્તારમાં આગ હોલવવા માટેના હેતુ માટે, પોતાના મતે જરૂરી જણાય તેવી અગ્નિશમન સાધનસામગ્રી કોઇ સત્તામંડળ અથવા કોઇ સંસ્થા અથવા કોઇ વ્યક્તિ પાસેથી મંગાવવી જોઇશે અને જે વિસ્તારના સત્તામંડળ દ્વારા આવી અગ્નિશમનની કામગીરી કરાવવામાં આવી હોય, તેને આવી સાધનસામગ્રીના વળતર તરીકે ચૂકવવાની રકમ નક્કી કરવી જોઇશે;

(૧૨) આ અધિનિયમ અને તે હેઠળ કરેલા નિયમોથી અને તે હેઠળ તેને મળે તેવી બીજી સત્તા વાપરવી જોઇશે, નાંખેલ હોય તેવી બીજી ફરજો બજાવવી જોઇશે અને સોંપવામાં આવે તેવા બીજા કાર્યો કરવા જોઇશે.

(૨) નિયામક, રાજય સરકારની મંજૂરીથી, આગશમન સાધનસામગ્રી, યંત્રસામગ્રી અને ઉપકરણોને લગતી તમામ બાબતો, તાલીમ, વ્યક્તિઓનું અને તેમના પારસ્પરિક સંબંધોનું નિરીક્ષણ, ફરજોની વહેંચણી, કાયદાનો અભ્યાસ, હુકમો અને કાર્યવાહીની રીતો અને કારોબારી વિષયક વિગતો અથવા ફરજોનું પાલન અને અગ્નિશમન સેવાના અધિકારીઓ

અને તેમની હેઠળના અગ્નિશમન સેવાના સભ્યોની શિસ્ત જાળવવાને લગતી તમામ બાબતોને લગતા આદેશ કરી શકશે અને તેનું નિયમન કરી શકશે.

(૩) નિયામકે, આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળની પોતાની સત્તા વાપરતી વખતે અથવા પોતાની ફરજ બજાવતી વખતે અથવા કાર્યો કરતી વખતે, રાજ્ય અગ્નિશમન સેવાના કોઈ પણ અગ્નિશમન અધિકારીને સહાય કરવા માટે જરૂરી હોય તેટલા અધિકારીઓ અને કર્મચારીઓની નિમણૂક કરવી જોઈશે.

(૪) ફરિયાદ કરીને અથવા અન્યથા, નિયામકને જાણ કરવામાં આવી હોય કે આ અધિનિયમથી અથવા તે હેઠળ અથવા તત્સમયે અમલમાં હોય તેવા અગ્નિશામક પગલાં અથવા કામગીરીને લગતા કોઈ અધિનિયમથી અથવા તે હેઠળ કોઈ સત્તાધિકારીને આપવામાં આવેલ કોઈ ફરજના પાલનમાં કસૂર કરવામાં આવેલ છે, ત્યારે નિયામક, યોગ્ય તપાસ કર્યા પછી તેને ખાતરી થાય કે જે કસૂર અંગે આરોપ મૂકવામાં આવેલ છે તે કસૂર કરવામાં આવેલ છે, તો તે, હુકમથી, તે ફરજના પાલન અંગેની મુદત નક્કી કરી શકશે અને તે સત્તાધિકારીને એવા હુકમની જાણ કરી શકશે.

(૫) આવી રીતે નક્કી કરવામાં આવેલી મુદતની અંદર ફરજનું પાલન કરવામાં ન આવે, તો નિયામક, એ ફરજ બજાવવા માટે એવી બીજી વ્યકિતની નિમણૂક કરી શકશે અને આદેશ આપી શકશે કે તે ફરજ બજાવવા માટે નીમેલી વ્યક્તિને, વાજબી મહેનતાણા સહિત તે ફરજ બજાવવામાં થયેલ ખર્ચની રકમ, તરત જ તે વ્યક્તિ અથવા યથાપ્રસંગ, સત્તાધિકારીએ ચૂકવી આપવી જોઈશે.

(૬) ખર્ચની રકમ અને મહેનતાણું એવી રીતે ચૂકવવામાં ન આવે, તો નિયામક, તે વ્યક્તિ અથવા સત્તાધિકારીના કોઈ નાણાં જે બેંકમાં જમા કરવામાં આવતા હોય તે બેંકને અથવા સ્થાનિક સરકારી તિજોરી અથવા તે સત્તાધિકારીના નાણાં જેમાં જમા કરવામાં આવતા હોય તેવા બીજા કોઈ સુરક્ષિત સ્થળનો હવાલો ધરાવતી વ્યક્તિને, એવી બેંકમાં તે સત્તાધિકારીના ખાતે જમા હોય તેવા અથવા તેવી વ્યક્તિના કબજામાં હોય તેવા અથવા તેવી બેંક અથવા વ્યક્તિને તે સત્તાધિકારી પાસેથી અથવા યથાપ્રસંગ તેના વતી વખતોવખત થાપણ સ્વરૂપે મળતા હોય તેવા નાણાંમાંથી, એવા ખર્ચની રકમ અને મહેનતાણું ચૂકવવા માટેનો આદેશ આપતો હુકમ કરી શકશે અને આવી બેંક અથવા વ્યક્તિ આવા હુકમનું પાલન કરવા માટે બંધાયેલ રહેશે. આવા હુકમ અનુસાર કરવામાં આવેલી દરેક ચુકવણી, આવી બેંકમાં અથવા તે વ્યક્તિ પાસે એવી રીતે જમા કરવામાં આવેલા તે સત્તાધિકારીના નાણાંમાંથી,પોતે અથવા તેણે એવી રીતે ચૂકવેલી કોઈ રકમ અથવા રકમોના સંબંધમાં, તે સત્તાધિકારી તરફની તમામ જવાબદારીમાંથી, એવી બેંક અથવા વ્યક્તિને પૂરતી રીતે મુક્ત કરશે.

(૭) સામાન્ય અથવા ખાસ હુકમથી, આ અર્થે અધિકૃત કરવામાં આવેલા નિયામક અથવા કોઈ અગ્નિશમન અધિકારી, આ અધિનિયમ હેઠળની પોતાની ફરજો બજાવવાના હેતુ માટે, કોઈ બાંધકામ અથવા નિર્દિષ્ટ કરવામાં આવે તેવી બીજી મિલકતના માલિક અથવા ભોગવટો કરનારને, આવા બાંધકામ અથવા નિર્દિષ્ટ કરવામાં આવે તેવી બીજી મિલકતના પ્રકાર ઉપલભ્ય પાણી પુરવઠાને લગતી અને તેમાં પ્રવેશ કરવા માટેના સાધનોના સંબંધમાં માહિતી અને બીજી કોઈ મહત્વની વિગતો પૂરી પાડવાનું ફરમાવી શકશે અને આવા માલિક અથવા ભોગવટો કરનારે, પોતાની પાસે રહેલી તમામ માહિતી પૂરી પાડવી જોઈશે.

(૮) નિયામક, રાજ્ય સરકારની પૂર્વ મંજૂરી લઈને, કોઈ અગ્નિશમન સેવા અથવા સદરહુ અગ્નિશમન સેવા પૂરી પાડતા કોઈ સત્તાધિકારી સાથે, આ અધિનિયમ અમલમાં હોય તેવા કોઈ વિસ્તારની હદોની બહાર, જાહેર હિતમાં, પારસ્પરિક કરારના ધોરણે, કરારથી અથવા તે હેઠળ જોગવાઈ કરવામાં આવે તેવી બોલીઓ અને શરતોએ, અગ્નિશમન સેવાના હેતુ માટે, કર્મચારીઓ અથવા સાધનો અથવા તે બંને પૂરા પાડવા માટેના કરાર કરી શકશે.

(૯) નિયામક, રાજ્ય સરકારની પૂર્વ મંજૂરી લઈને, કર્મચારીઓની નિમણૂક કરતી અથવા સાધનો નિભાવતી અથવા તે બંને કાર્યો કરતી કોઈ વ્યક્તિ અથવા સંસ્થા સાથે, અગ્નિશમન સેવાના હેતુઓ માટે, ચુકવણીની લગતી શરતોએ અથવા કરારથી અથવા તે હેઠળ જોગવાઈ કરવામાં આવે તે રીતે અન્યથા, આ અધિનિયમ અમલમાં હોય તેવા કોઈ વિસ્તારમાં બનતી આગની ઘટના અંગે તજવીજ કરવાના હેતુ માટે, તે વ્યક્તિ અથવા સંસ્થા પાસેથી સહાય મેળવવા અંગેના કરાર કરી શકશે.

૮. (૧) અગ્નિશમન સેવાની જરૂરિયાતોને પહોંચી વળવા માટે, પૂરતી સંખ્યામાં અધિકારીઓ અને સ્ટાફ પૂરા પાડવાના હેતુ માટે, વસ્તી, કેટલાક ઉદ્યોગો અને મોટા વાણિજ્યિક અને વેપારી સંસ્થાઓ અને બાંધકામોમાં આગના સંભવિત જોખમો અને જેટલી સંખ્યામાં ફાયર સ્ટેશન (બંબાખાના) પૂરા પાડવા અને નિભાવવા જરૂરી હોય તે સંખ્યાને લક્ષમાં લઈને, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, રાજ્યની અંદર અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા વિષયક ઉપાયો અંગે બાંયધરી આપવાના હેતુ માટે, પોતે યોગ્ય ગણે તેટલા અગ્નિશમન પ્રદેશોની રચના કરી શકશે. અગ્નિશમન પ્રદેશની રચના.

(૨) પેટા-કલમ (૧) હેઠળ બહાર પાડવામાં આવેલા દરેક જાહેરનામામાં, તે (જાહેરનામું) જે પ્રદેશને લગતું હોય તે પ્રદેશની હદો નક્કી કરવામાં આવશે.

(૩) રાજ્ય સરકાર, દરેક અગ્નિશમન પ્રદેશ માટે, એક વ્યક્તિની પ્રાદેશિક અગ્નિશમન અધિકારી તરીકે નિમણૂક કરશે.

(૪) નિયામકના નિયંત્રણ, આદેશ અને દેખરેખને અધીન રહીને, પ્રાદેશિક અગ્નિશમન અધિકારીએ, આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો અથવા આ અર્થે બહાર પાડવામાં આવેલા હુકમોથી તેને મળેલી એવી સત્તા વાપરવી જોઈશે અને તેને સોંપવામાં આવેલી ફરજો બજાવવી જોઈશે.

(૫) પેટા-કલમ (૪)ની જોગવાઈઓને બાધ આવ્યા સિવાય, પ્રાદેશિક અગ્નિશમન અધિકારી.

(૧) અગ્નિશમન પ્રદેશના વડા તરીકે કાર્ય કરશે;

(૨) પ્રદેશ માટેનો અગ્નિશમન (ફાયર મેનેજમેન્ટ પ્લાન) વ્યવસ્થાપન સંબંધી યોજના તૈયાર કરશે.

(૬) પેટા-કલમ (૩) હેઠળ નીમાયેલા અધિકારીની નિમણૂકની લાયકાતો અને સેવાની બીજી શરતો ઠરાવવામાં આવે તેવી રહેશે.

અગ્નિશમન પ્રદેશનું અગ્નિશમન વિભાગોમાં વિભાજન.

૯. રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, દરેક અગ્નિશમન પ્રદેશનું, જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેટલા અગ્નિશમન વિભાગોમાં વિભાજન કરી શકશે. અગ્નિશમન વિભાગો,એક અથવા વધુ સ્થાનિક સત્તામંડળોના વિસ્તારનું બનશે.અગ્નિશમન વિભાગનું ફાયર સ્ટેશનમાં વધુ વિભાજન પણ કરી શકાશે અને વહીવટી અને સંચાલકીય કાર્યદક્ષતા માટે જરૂરી હોય તેવી તેની હદો નક્કી કરી શકાશે.

અગ્નિશમન અધિકારીઓની નિમણૂક.

૧૦. (૧) આ અધિનિયમના હેતુઓ માટે, રાજય સરકાર,-

(ક) દરેક અગ્નિશમન વિભાગ માટે, એક વ્યક્તિની વિભાગીય અગ્નિશમન અધિકારી તરીકે નિમણૂક કરી શકશે;

(ખ) દરેક ફાયર સ્ટેશન માટે, એક વ્યક્તિની સ્ટેશન અગ્નિશમન અધિકારી તરીકે નિમણૂક કરી શકશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળ નીમાયેલા અધિકારીઓની નિમણૂક માટેની લાયકાતો અને સેવાની બીજી શરતો ઠરાવવામાં આવે તેવી રહેશે.

(૩) આ અધિનિયમના હેતુઓ માટે, રાજય સરકાર, દરેક સ્થાનિક અગ્નિશમન સેવાઓ માટે,-

(ક) વસ્તી અને સ્થાનિક સત્તામંડળ અથવા સત્તાધિકારીના વર્ગ અથવા ઠરાવવામાં આવે તેવા બીજા પરિબળોને વિચારણામાં લઈને, મુખ્ય અગ્નિશમન અધિકારીની કક્ષા વર્ગીકૃત કરી શકશે;

(ખ) મુખ્ય અગ્નિશમન અધિકારીની દરેક કક્ષા માટેના ધોરણો અને લાયકાતો ઠરાવી શકશે.

(૪) પેટા-કલમ (૩)ને અધીન રહીને, રાજ્ય સરકાર, હુકમથી, સ્થાનિક સત્તામંડળ અથવા યથાપ્રસંગ, સત્તાધિકારીને, મુખ્ય અગ્નિશમન અધિકારી તરીકે કોઈ વ્યક્તિની નિમણૂક કરવાનો આદેશ આપી શકશે.

૧૧. (૧) નિયામકના નિયંત્રણ, આદેશો અને દેખરેખને અધીન રહીને, અનુક્રમે કલમ ૮ની પેટા-કલમ (૩) અને કલમ ૧૦ હેઠળ નીમાયેલા પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારીએ, આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો અથવા હુકમોથી પોતાને મળેલી સત્તા વાપરવી જોઈશે અને પોતાને સોંપવામાં આવેલી ફરજો બજાવવી જોઈશે. અગ્નિશમન અધિકારીઓની સત્તા, ફરજો અને તેમના કાર્યો.

(૨) પેટા-કલમ (૧)ની જોગવાઈઓને બાધ આવ્યા સિવાય, અગ્નિનિવારણ અને આપત્તિના કિસ્સામાં, પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા યથાપ્રસંગ, મુખ્ય અગ્નિશમન અધિકારી એ, તેમની હકૂમતની અંદર, આગ લાગવાના અથવા સંકટકાલીન પરિસ્થિતિમાં, તે ઘટના માટેના કમાન્ડિંગ ઓફિસર તરીકે કાર્ય કરવું જોઈશે અને રોકવામાં આવેલી બીજી તમામ અગ્નિશમન સેવાઓ તેના હેઠળ કાર્ય કરશે.

(૩) પેટા-કલમ (૧) અને (૨)ની જોગવાઈઓને બાધ આવ્યા સિવાય, પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા યથાપ્રસંગ, મુખ્ય અગ્નિશમન અધિકારી,પોતાની હકૂમતની અંદર, કચેરીના વડા ગણાશે.

૧૨. (૧) રાજ્ય સરકારે, હુકમથી, આ અર્થે નિર્દિષ્ટ કરે તેવા બાંધકામો અથવા જગાઓમાં અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા વિષયક ઉપાયો લેવાનું સુનિશ્ચિત કરવા માટે, દરેક ફેક્ટરી અથવા માલિક અને ભોગવટો કરનાર અથવા ભોગવટો કરનારાઓએ, વ્યક્તિગત રીતે અથવા યથાપ્રસંગ, સંયુક્ત રીતે, અગ્નિ સલામતી અધિકારીની નિમણૂક.

(૧) ઠરાવવામાં આવે તેવી લાયકાતો ધરાવનારની અગ્નિ સલામતી અધિકારીની નિમણૂક કરવી જોઈશે;

(૨) કલમ ૧૮ હેઠળ, પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા યથાપ્રસંગ, મુખ્ય અગ્નિશમન અધિકારીને અનુપાલન અહેવાલ મોકલવો જોઈશે.

(૨) પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા યથાપ્રસંગ, મુખ્ય અગ્નિશમન અધિકારી, પેટા-કલમ (૧) હેઠળ આવી રીતે નીમાયેલા અગ્નિ સલામતી અધિકારીને, ઠરાવેલા નમૂનામાં, તેની સહી અને કચેરીના સીલવાળું નામ નોંધણી પ્રમાણપત્ર કાઢી આપી શકશે.

(૩) પેટા-કલમ (૧) હેઠળ નીમાયેલા અગ્નિ સલામતી અધિકારીની જગા રાજીનામાના કારણસર અથવા અન્યથા ખાલી પડે તેવા કિસ્સામાં, ફેક્ટરી અથવા માલિક અને ભોગવટો કરનાર અથવા ભોગવટો કરનારાઓએ, વ્યક્તિગત રીતે અથવા યથાપ્રસંગ, સંયુક્ત રીતે, તાત્કાલિક અગ્નિ સલામતી અધિકારીની નિમણૂક કરવી જોઈશે.

(૪) પેટા-કલમ (૧) હેઠળ ઉલ્લેખ્યા પ્રમાણે અગ્નિ સલામતી અધિકારીની નિમણૂક કરવામાં ન આવે તેવા કિસ્સામાં, પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા યથાપ્રસંગ, મુખ્ય અગ્નિશમન અધિકારી પોતાને યોગ્ય લાગે તેવાં પગલાં લઈ શકશે, જેમાં ફેક્ટરી બંધ કરવા માટે શ્રમ આયુક્ત (લેબર કમિશનર)ને અને અન્ય કિસ્સામાં સંબંધિત કાયદા હેઠળ જરૂરી કાર્યવાહી કરવા માટે સંબંધિત સત્તાધિકારીને રિપોર્ટ કરવા સંબંધી બાબતોનો સમાવેશ થાય છે.

## પ્રકરણ ૩

## અગ્નિશમન સંબંધિત સાધનસામગ્રીની માંગ, તે અંગેના વળતર બાબત

અગ્નિશમન સેવાને લગતી સાધનસંપત્તિની માંગણી કરવા બાબત.

**૧૩.** (૧) નિયામક અથવા મુખ્ય અગ્નિશમન અધિકારી અથવા કોઈ સત્તામંડળની અગ્નિશમન સેવાને લગતી કામગીરીનો હવાલો ધરાવતા બીજા કોઈ અગ્નિશમન અધિકારીને, બીજા કોઈ સત્તામંડળ અથવા કોઈ સંસ્થા અથવા વ્યક્તિની અગ્નિશમન સાધનસામગ્રી અથવા સાધનસંપત્તિની જરૂરિયાત હોય, ત્યારે તે, હુકમથી, કોઈ પણ વિસ્તારમાં આગ બુઝાવવાના હેતુ માટે, એવી સાધનસામગ્રી અથવા સાધનસંપત્તિ માંગી શકશે અને તે સત્તામંડળ અથવા કોઈ સંસ્થા અથવા યથાપ્રસંગ, વ્યક્તિ પાસેથી તેનો કબજો મેળવી શકશે.

(૨) અગ્નિશમન કામગીરી પૂરી થાય પછી તરત જ, આવા અધિકારીએ, પેટા-કલમ (૧) હેઠળ માંગપત્રદ્વારા જેનો કબજો મેળવેલ હોય તે સાધનસામગ્રી અથવા સાધનસંપત્તિ મુક્ત કરવી જોઈશે અને જેના કબજામાંથી આવી સાધનસંપત્તિ મેળવવામાં આવી હતી તેવા સત્તામંડળ, સંસ્થા અથવા વ્યક્તિને તે સાધનસંપત્તિ પાછી સોંપવી જોઈશે.

(૩) પેટા-કલમ (૧) હેઠળ કોઈ અગ્નિશમન સાધનસામગ્રી અથવા સાધનસંપત્તિ માંગવામાં આવી હોય, ત્યારે આવી સાધનસંપત્તિના માલિકને વળતર ચૂકવવું જોઈશે, જેની રકમ આમાં હવે પછી દર્શાવવામાં આવેલા સિદ્ધાંતો અનુસાર નક્કી કરવી જોઈશે, એટલે કે,

(ક) વળતરની રકમ, નિયામક અથવા યથાપ્રસંગ, મુખ્ય અગ્નિશમન અધિકારી અને અગ્નિશમન સેવાને લગતી સાધનસંપત્તિના માલિક વચ્ચે કરારથી નક્કી કરી શકાય તેમ હોય, ત્યારે તેવી રકમ, એવા કરાર અનુસાર ચૂકવવી જોઈશે;

(ખ) આવો કરાર થઈ શકે તેમ ન હોય, ત્યારે નિયામક અથવા યથાપ્રસંગ, મુખ્ય અગ્નિશમન અધિકારીએ, જે વિસ્તારમાં અગ્નિશમન સાધનસામગ્રી અથવા સાધનસંપત્તિ રાખવામાં આવી હોય, ઉપયોગ કરવામાં આવતી હોય અથવા મેળવવામાં આવી હોય તે વિસ્તારમાં હકૂમત ધરાવતા જિલ્લા મેજિસ્ટ્રેટને તે

બાબત મોકલવી જોઈશે અને મેજિસ્ટ્રેટે, પક્ષકારોને અને પોતાને જરૂરી જણાય તેવી બીજી વ્યક્તિઓને સાંભળ્યા પછી, અગ્નિશમન સાધનસામગ્રી અથવા સાધનસંપત્તિ તેના જેવા જ હેતુ માટે, ભાડે આપવામાં આવ્યું હોય ત્યારે સામાન્ય રીતે, તેનું જેટલું ભાડું મેળવી શકાય તેમ હોય તેટલી ભાડાની રકમને વિચારણામાં લઈને, વળતરની રકમ નક્કી કરવી જોઈશે. વળતરની રકમ નક્કી કરતો, જિલ્લા મેજિસ્ટ્રેટનો હુકમ આખરી ગણાશે.

આગ લાગવાની ઘટનામાં કરવાના કાર્યો.

૧૪. (૧) કોઈપણ વિસ્તારમાં આગ લાગવાની ઘટનામાં, નિયામક અથવા પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારી અથવા તે સ્થળ ઉપર અગ્નિશમન સેવાને લગતી કામગીરીનો હવાલો ધરાવતા બીજા કોઈ અગ્નિશમન અધિકારી,-

(ક) આગ બુઝાવવાની અથવા જાનમાલને બચાવવાની કામીગીરીમાં જેની હાજરીથી દખલગીરી થતી હોય અથવા તેમાં અવરોધ ઊભો થતો હોય તેવી કોઈ વ્યક્તિને દૂર કરી શકશે અથવા બીજા કોઈ અગ્નિશમન અધિકારી અથવા અગ્નિશમનને લગતી કામગીરીમાં રોકાયેલા કર્મચારીઓને, તે વ્યક્તિને દૂર કરવાનો હુકમ કરી શકશે;

(ખ) આગ લાગવાની ઘટના જયાં બની હોય તે વિસ્તારમાંની અથવા તે વિસ્તારની નજીક આવેલી કોઈ શેરી અથવા અવર જવરનો માર્ગ બંધ કરી શકશે;

(ગ) આગ બુઝાવવાના હેતુ માટે શક્ય હોય તેટલું ઓછું નુક્સાન કરીને, પાણી છાંટવાની પાઈપ (hose) અથવા બીજા ઉપકરણોની હેરફેર માટે, કોઈ જગામાં છેદ કરી શકશે અથવા તેમાં તોડફોડ કરી શકશે અથવા તોડી નાખી શકશે અથવા છેદ કરાવડાવી શકશે અથવા તેમાં તોડફોડ કરાવડાવી શકશે અથવા તોડી નખાવી શકશે:

પરંતુ આવી કોઈ જગાના માલિક અથવા યથાપ્રસંગ, ભોગવટો કરનારને, ઠરાવવામાં આવે તેવી રીતે, આવી રીતે કરવામાં આવેલા નુક્સાનના પ્રમાણમાં વાજબી વળતર ચૂકવવું જોઈશે;

(ઘ) આવી આગ બુઝાવવાના અથવા તેને ફેલાતી અટકાવવાના હેતુ માટે, જે જગાએ આગ ફાટી નીકળી હોય તે જગાએ નિર્દિષ્ટ દબાણે પાણી પૂરું પાડી શકાય અને કોઈ વહેણ, હોજ, કૂવા અથવા ટાંકી અથવા પાણીના, જાહેર અથવા ખાનગી, ઉપલભ્ય કોઈ સ્રોતોમાંના પાણીનો ઉપયોગ કરી શકાય તે માટે, તે વિસ્તારના પાણી પુરવઠાનો હવાલો ધરાવતા અધિકારીને, પાણીની મુખ્ય પાઈપલાઈનનું નિયમન કરવા માટે ફરમાવી શકશે;

(ચ) પોલીસની સહાય ન મળી હોય તેવા સંજોગોમાં, જેનાથી અગ્નિશમનને લગતી કાર્યવાહી કરવામાં અવરોધ ઊભો કરવાનો સંભવ હોય તે રીતે એકત્રિત થયેલી

વ્યક્તિઓને વિખેરી નાંખવા માટે, પોતે જાણે કે પોલીસ સ્ટેશનનો હવાલો ધરાવનાર વ્યક્તિ હોય તે રીતે, તે જ પ્રકારની સત્તા વાપરી શકશે;

(૭) સામાન્ય રીતે, આગ બુઝાવવા માટે અથવા જાનમાલનું રક્ષણ કરવા માટે જરૂરી જણાય તેવા તમામ પગલાં લઈ શકશે.

(૨) અગ્નિશમન સેવાના સભ્યો દ્વારા તેમની ફરજ બજાવતી વખતે, કોઈ જગા અથવા મિલકતને આગને કારણે નુક્સાન થાય, તો તે નુક્સાન, આગ સામેની કોઈ પૉલિસી અથવા વીમાના અર્થ મુજબ, આગ દ્વારા થયેલ નુક્સાન હોવાનું ગણાશે.

પાણી પુરવઠાની વ્યવસ્થા કરવાની સત્તા.

૧૫. અગ્નિશમન સેવાને લગતી કામગીરીનો હવાલો ધરાવતા અધિકારી માટે, ફરમાવવામાં આવે તેવી કામગીરી માટે અને તેવા પ્રસંગોએ, તેમને જરૂરી જણાય તેટલું પાણી, તે વિસ્તારમાંના કોઈ સ્રોતમાંથી મેળવવાનું કાયદેસર ગણાશે અને નિયંત્રણ ધરાવતા સત્તાધિકારી અથવા માલિક અથવા ભોગવટો કરનારે ઠરાવવામાં આવે તેવા દરે, તે હેતુ માટે પાણી પૂરૂ પાડવું જોઈશે.

કરાર કરવાની સત્તા.

૧૬. કલમ ૧૪માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, કોઈ સત્તામંડળના પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારી અથવા આ અર્થે અધિકૃત કરવામાં આવેલા બીજા કોઈ અધિકારી, કર્મચારીઓની નિમણૂક કરતી અથવા સાધનો નિભાવતી અથવા તે બંને કાર્યો કરતી કોઈ વ્યક્તિ સાથે, ઠરાવવામાં આવે તેવી શરતોએ, કોઈ વિસ્તારમાં બનતી આગની ઘટના અંગે તજવીજ કરવાના હેતુ માટે, તે વ્યક્તિ પાસેથી સહાય મેળવવા અંગેના કરાર કરી શકશે.

## પ્રકરણ ૪

## અગ્નિશમન સેવા પૂરી પાડતા કર્મચારીઓને તાલીમ

તાલીમ.

૧૭. (૧) રાજય સરકાર, કોઈ અગ્નિશમન સેવાના અને ઉદ્યોગો, હોટેલ, બહુમાળી મકાનોના ખાનગી સેવાના કર્મચારીઓ અને રાજય સરકાર નિર્દિષ્ટ કરે તેવી બીજી સરકારી અને બિન-સરકારી સંસ્થાઓ માટે અગ્નિનિવારણ અને અગ્નિશમનને લગતા પ્રશિક્ષણના અભ્યાસક્રમો પૂરા પાડવા માટે રાજયમાં તાલીમ કેન્દ્રો સ્થાપી શકશે અને તેને નિભાવી શકશે.

(૨) રાજય સરકાર, પેટા-કલમ (૧) હેઠળ સ્થાપવામાં આવનારા કેન્દ્રોમાં, ઠરાવવામાં આવે તેટલી ફી ભર્યેથી, સ્થાનિક મંડળો અને ઔદ્યોગિક અન્ડરટેકિંગના નિયંત્રણ હેઠળની અગ્નિશમન સેવાઓને પણ તાલીમની સવલતો આપી શકશે.

(૩) રાજય સરકાર, અગ્નિનિવારણ અને અગ્નિશમનને લગતા પ્રશિક્ષણના અભ્યાસક્રમો પૂરા પાડવા માટે, પોતાને યોગ્ય લાગે તેટલી ફી અને તેવી કાર્યરીતિ ઠરાવી શકશે.

## પ્રકરણ ૫

## અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા વિષયક ઉપાયોને લગતી જોગવાઈઓ.

૧૮. (૧) તત્સમયે અમલમાં હોય તેવા રાજયમાં, અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા માટેનાં પગલાંને લગતાં બીજા કોઇ કાયદા અથવા નિયમો, સામાન્ય વિકાસ નિયંત્રણ વિનિયમો ~~અથવા~~ તે હેઠળ કરેલાં બાંધકામને લગતા પેટા-કાયદા અથવા ભારતના રાષ્ટ્રીય બાંધકામ અધિનિયમની જોગવાઈઓને બાધ આવ્યા સિવાય, આવાસન મંડળીએ અથવા માલિકે અથવા જયાં માલિક શોધી શકાય તેમ ન હોય ત્યાં મકાન વિનિયમોમાં વર્ગીકૃત કર્યા પ્રમાણેના, અથવા તેના કોઈપણ ભાગને લગતા વ્યકિતગતપણે અથવા સંયુકતપણે જવાબદાર હોય તેવા ભોગવટો કરનારે, તેમાં અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા વિષયક ઉપાયોને લગતી જોગવાઈ કરવી જોઈશે : અગ્નિ નિવારણ અને જીવન સુરક્ષા વિષયક ઉપાયોને માટેની જરૂરિયાત.

પરંતુ માલિકે અથવા યથાપ્રસંગ, ભોગવટો કરનારે,-

(૧) વિનિયમોથી ઠરાવવામાં આવે તેવી ન્યૂનતમ અગ્નિશમન અને જીવન સુરક્ષા માટે સ્થાપન કરવામાં આવે તેવા ઉપકરણોની જોગવાઈ કરવી જોઈશે;

(૨) વિનિયમોમાં નિર્દિષ્ટ કરેલી રીતે અને તેમાં કરેલાં વિશિષ્ટ વિગત વર્ણનોને આધારે, અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા વિષયક ઉપાયોને તમામ સમયે ચાલુ સ્થિતિમાં જાળવવાં જોઈશે.

(૨) આવી રીતે કરેલાં વિનિયમો, રાજપત્રમાં જાહેર કરવાં જોઈશે.

૧૯.(૧) તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઇ કાયદામાં ગમે તે મંજકૂર હોય તે છતાં,- અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા વિષયક ઉપાયો માટેનાં પાલનની રીત.

(ક) સત્તા આપેલી હોય તેવા કોઇ સત્તાધિકારીએ, ભોગવટા પ્રમાણપત્ર આપવું જોઈશે નહિ સિવાય કે તેને એવી ખાતરી થાય કે માલિકે અથવા ભોગવટો કરનારે, વ્યકિતગતપણે અથવા સંયુકતપણે, કલમ ૧૮ની જોગવાઈઓનું પાલન કર્યું છે;

(ખ) મકાન અથવા તેના કોઇ ભાગના કિસ્સામાં, આ અધિનિયમના આરંભની તારીખથી, વિકાસની પરવાનગી આપવામાં આવી હોય અને બાંધકામ શરૂ કરવામાં આવ્યું ન હોય અથવા બાંધકામ શરૂ કરવામાં આવ્યું હોય પણ પૂરું કરવામાં આવ્યું ન હોય અથવા બાંધકામ પૂરું કરવામાં આવ્યું હોય પણ ભોગવટા પ્રમાણપત્ર આપવામાં આવ્યું ન હોય ત્યારે, અને વ્યકિતગતપણે અથવા યથાપ્રસંગ, સંયુકતપણે જવાબદાર હોય તેવી

આવાસન (ગૃહનિર્માણ) મંડળીને અથવા માલિકને અથવા ભોગવટો કરનારને, કલમ ૧૮ની જોગવાઈઓનું પાલન કરવાનું ફરમાવ્યું હોય, ત્યારે પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા યથાપ્રસંગ, મુખ્ય અગ્નિશમન અધિકારીએ, આપમેળે અથવા બીજી રીતે, માલિક અથવા યથાપ્રસંગ, ભોગવટો કરનારને ઠરાવવામાં આવે તેવી રીતે નોટિસની બજવણી કરવી જોઈશે અને પોતે જરૂરી ગણે તેમ અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા વિષયક ઉપાયો, આ અધિનિયમના આરંભથી બે મહિનાની અંદર અથવા રાજ્ય સરકાર, લેખિતમાં હુકમથી, લંબાવે તેટલા સમયગાળામાં અથવા સમયની અંદર હાથ ધરવા માટે અને અમલમાં મૂકવા માટે તેને આદેશ આપવો જોઈશે:

પરંતુ ખંડ (ખ) હેઠળ જેને નોટિસની બજવણી કરવામાં આવેલી હોય તેવા કોઈપણ માલિક અથવા યથાપ્રસંગ, ભોગવટો કરનાર, કલમ ૧૮ની જોગવાઈઓ હેઠળ પાલન કરવાનું ફરમાવ્યું હોય તેમ અથવા પ્રાદેશિક અગ્નિશમન અધિકારીએ અથવા મુખ્ય અગ્નિશમન અધિકારીએ અથવા યથાપ્રસંગ, નામનિયુક્ત અધિકારીએ, અગ્નિ સલામતી માટેનું પ્રમાણપત્ર મેળવવા માટે, બહાર પાડેલી નોટિસમાં જણાવ્યા પ્રમાણે, અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા વિષયક ઉપાયો હાથ ધરી શકશે નહિ અથવા અમલમાં મૂકી શકશે નહિ.

(૨) માલિકે અથવા ભોગવટો કરનારે, વ્યકિતગતપણે અથવા યથાપ્રસંગ, સંયુકતપણે પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારી અથવા નામનિયુકત અધિકારીને, પેટા-કલમ (૧)ના પાલન અંગેની જાણ કરવી જોઈશે.

(૩) બાંધકામ અથવા તેના કોઈ ભાગ માટે વ્યકિતગતપણે અથવા સંયુકતપણે જવાબદાર હોય તેવા માલિકોએ અથવા યથાપ્રસંગ, ભોગવટો કરનારાઓએ, કલમ ૧૮ની જોગવાઈઓ હેઠળ ફરમાવ્યા પ્રમાણે, અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા વિષયક ઉપાયોનાં પાલન સંબંધી લાઈસન્સ ધરાવતી એજન્સીએ બહાર પાડેલાં વિનિયમોથી નિર્દિષ્ટ કર્યા પ્રમાણેનાં નિભાવ અને અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા વિષયક ઉપાયોની કામગીરી અંગેની સ્થિતિ સંબંધી પ્રમાણપત્ર, પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારી અથવા નામનિયુક્ત અધિકારીને પૂરું પાડવું જોઈશે.

કલમ ૧૯ના અપાલન માટેના પરિણામો.

૨૦. બાંધકામ અથવા બાંધકામના કોઈ ભાગ અથવા જગ્યાઓમાં, અગ્નિ સલામતી અને જીવન સુરક્ષા વિષયક ઉપાયોની જોગવાઈ કરવા માટે જવાબદાર હોય તેવા માલિકો અથવા યથાપ્રસંગ, ભોગવટો કરનારાઓ, વ્યકિતગતપણે અથવા સંયુકતપણે, કોઈપણ સમયે, કલમ ૧૯ની પેટા-કલમ (૧)ના સંબંધમાં પાલન કરવામાં નિષ્ફળ જાય તો, તેમણે કસૂર

કરેલી હોવાનું ગણાશે. અગ્નિ સલામતી માટેનું પ્રમાણપત્ર અગાઉથી કાઢી આપવામાં આવ્યું હોય ત્યારે તે કિસ્સામાં, પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારી અથવા નામનિયુકત અધિકારીએ બહાર પાડેલી પાલન ન કર્યા માટેની નોટિસની તારીખથી અને પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારી અથવા નામનિયુકત અધિકારીને પાલન કરવામાં આવેલ છે તે અંગેની ખાતરી થાય તે તારીખ સુધી મોકૂફ રાખવું જોઇશે અને અગ્નિ સલામતી માટેના પ્રમાણપત્ર પર તેને યોગ્ય રીતે નોંધવું જોઇશે.

૨૧. (૧) પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારી અથવા યથાપ્રસંગ, નામનિયુકત અધિકારી, માલિકોએ અથવા યથાપ્રસંગ, ભોગવટો કરનારાઓએ, વ્યકિતગતપણે અથવા સંયુકતપણે કરેલી ફરિયાદ અંગે કલમ ૧૮ની જરૂરિયાતના સંબંધમાં પાલનની તપાસણી કરી શકશે અને જરૂરી તપાસ હોય તો, તે કર્યા પછી, અગ્નિ સલામતી માટેનું પ્રમાણપત્ર આપી શકશે. મોકુફી સમાપ્તિ અને શિક્ષા.

(૨) માલિક અથવા યથાપ્રસંગ, ભોગવટો કરનાર, પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારી અથવા નામનિયુક્ત અધિકારીએ બહાર પાડેલાં આદેશોનું પાલન કરવામાં નિષ્ફળ જાય, તો પેટા-કલમ (૧) હેઠળ આપેલું અગ્નિ સલામતી માટેનું પ્રમાણપત્ર, માલિક અથવા ભોગવટો કરનારને, કારણ દર્શાવવા માટે સુનાવણીની તક આપ્યા પછી, રદ થશે.

(૩) જેનું અગ્નિ સલામતી માટેનું પ્રમાણપત્ર, તેના ભાગે થયેલી કસૂરના કારણે, રદ કરવામાં આવ્યું હોય તેવા બાંધકામ અથવા જગ્યાના માલિક અથવા ભોગવટો કરનાર, કલમ ૧૮ હેઠળ અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા વિષયક ઉપાયોનાં અપાલનના કારણે, બાંધકામ અથવા જગ્યાનો ભોગવટો કરવા માટે હકદાર રહેશે નહિ.

(૪) કોઇપણ વ્યકિતએ, આવા કોઇપણ બાંધકામ અથવા તેની કોઇ ભાગમાં સ્થાપિત કરેલી કોઇપણ અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા માટેની સાધનસામગ્રી સાથે ચેડાં કરવાં જોઇશે નહિ, તેમાં ફેરફાર કરવો જોઇશે નહિ, તેને દૂર કરવી જોઇશે નહિ અથવા તેને કોઇપણ હાનિ અથવા નુકસાન પહોંચાડવું જોઇશે નહિ અથવા આવું કરવા માટે, બીજી કોઇ વ્યકિતની ઉશ્કેરણી કરવી જોઇશે નહિ.

આગ જોખમી સામગ્રી સલામતી માટેનાં સુરક્ષા વિષયક ઉપાયો.

૨૨. (૧) રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, આવા હેતુઓ માટે વપરાયેલી આગ જોખમી સામગ્રી, આવા હેતુઓ માટે કરેલો વેપાર અને આવા હેતુઓ માટે વપરાયેલી જગ્યાના વર્ગીકરણના સંબંધમાં વિનિયમો ઘડી શકશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળ જાહેરનામું બહાર પાડયેથી, નિયામક અથવા પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારી અથવા નામનિયુકત અધિકારી અથવા નિયામક અથવા પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારીએ અધિકૃત કરેલા કોઇપણ અગ્નિશમન અધિકારી માટે, સલામત સ્થળે, આગ ફાટી નિકળવાના જોખમની સંભાવના રહેલી હોય તેવા પદાર્થો અથવા માલને સલામત સ્થળે ખસેડવા માટેના આદેશ આપવાનું કાયદેસર રહેશે અને માલિકે અથવા ભોગવટો કરનારે તેમ કરવામાં ચૂક કર્યેથી, નિયામક અથવા પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારી અથવા અગ્નિશમન અધિકારી, માલિક અથવા ભોગવટો કરનારને રજૂઆત કરવાની વાજબી તક આપ્યા પછી, આવા પદાર્થો અથવા માલને જપ્ત કરી શકશે, તેને અટકમાં રાખી શકશે અથવા તેને દૂર કરી શકશે. તોળાઇ રહેલ અથવા અગમચેતી રૂપ ભયજનક આગના જોખમને ટાળવા માટે ઉપર્યુક્તમાં જણાવ્યા પ્રમાણે રજૂઆતની તક આપ્યા વગર ચલાવી શકાશે.

અગ્નિ-નિવારણ અને અગ્નિશમન કામગીરીમાં પોલીસની સહાય.

૨૩. અગ્નિશમન કામગીરી અથવા આગનું જોખમ સંકળાયેલું હોય તેવા કોઇપણ માલની જપ્તી, અટક અથવા દૂર કરવાને લગતી બીજી કોઇ ફરજોની બાબતમાં, આ અધિનિયમ હેઠળ આવી ફરજો બજાવવામાં, નિયામક અથવા આવા અગ્નિશમન અધિકારીને, સહાયભૂત થવાની અને મદદ કરવાની પોલીસ અધિકારી અથવા પોલીસ દળના સભ્યોની ફરજ રહેશે.

પ્રવેશ કરવાની અને તપાસણી કરવાની સત્તા.

૨૪. (૧) નિયામક અથવા પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારી અથવા નામનિયુકત અધિકારી, આવાસન (ગૃહનિર્માણ) મંડળીને અથવા ભોગવટો કરનારને અથવા ભોગવટો કરનાર ન હોય, તો કોઇ સ્થળના અથવા મકાનના અથવા યથાપ્રસંગ, તેના કોઇ ભાગના માલિકને ત્રણ કલાકની નોટિસ આપ્યા પછી, અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા વિષયક ઉપાયોની પર્યાપ્તતા અથવા તેના ઉલ્લંઘનની ખાતરી કરવા માટે, આવી તપાસણી જરૂરી જણાય ત્યારે સૂર્યોદય અને સૂર્યાસ્ત વચ્ચેના કોઇપણ સમયગાળા દરમિયાન, આવા સ્થળ અથવા મકાન અથવા તેના કોઇ ભાગમાં પ્રવેશ કરી શકશે અને તેની તપાસણી કરી શકશેઃ

પરંતુ નિયામક અથવા પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારી અથવા નામનિયુકત અધિકારી, આવા સ્થળે, મકાન અથવા તેના ભાગમાં કોઇ ઉદ્યોગ ચાલતો હોય અથવા મનોરંજન અથવા સમારંભ ચાલતો હોય અથવા જીવન અને મિલકતની

સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે તેમ કરવાનું તેને ઈષ્ટ અને જરૂરી જણાય તો, તે આવા કોઇપણ સ્થળ અથવા મકાન અથવા તેના કોઇ ભાગમાં કોઇપણ સમયે પ્રવેશ કરી શકશે અને તપાસણી કરી શકશે.

(૨) નિયામક અથવા પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારી અથવા નામનિયુક્ત અધિકારીને, પેટા-કલમ (૧) હેઠળ તપાસણી કરવા માટે, આવા સ્થળ અથવા મકાન અથવા તેના કોઇ ભાગના માલિક અથવા યથાપ્રસંગ, ભોગવટો કરનારે તમામ શકય સહાય પૂરી પાડવી જોઇશે.

(૩) માલિક અથવા ભોગવટો કરનાર અથવા બીજી કોઇ વ્યકિતએ, આ કલમ હેઠળ સત્તા આપેલી અથવા અધિકૃત કરાયેલી વ્યકિતને, કોઇપણ જમીન અથવા મકાનમાં પ્રવેશ કરતા અવરોધ ઉભો કરવો જોઇશે નહિ અથવા તેને અવરોધ કરાવડાવવો જોઇશે નહિ અથવા તપાસણી માટે, આવા પ્રવેશ પછી, આવી વ્યકિતને હેરાન કરવી જોઇશે નહિ.

(૪) પેટા-કલમ (૧) હેઠળ માનવ રહેઠાણ તરીકે વપરાયેલા આવા કોઇ સ્થળ અથવા મકાન અથવા તેના કોઇ ભાગમાં, પ્રવેશ કર્યો હોય, ત્યારે ભોગવટો કરનારાઓની સામાજિક અને ધાર્મિક લાગણીઓ પ્રત્યે પૂરતો આદરભાવ રાખવો જોઇશે અને રિવાજ અનુસાર જાહેરમાં દેખાતી ન હોય તેવી કોઇપણ સ્ત્રીના વાસ્તવિક ભોગવટામાંના,કોઇપણ ફલેટ, મકાન અથવા આવા બાંધકામના કોઇ ભાગમાં પેટા-કલમ (૧) હેઠળ પ્રવેશ કરાય તે પહેલાં તેણીને ત્યાંથી જતાં રહેવાની સ્વતંત્રતા છે તેવી નોટિસ આપવી જોઇશે અને તેણીને ત્યાંથી જવા માટેની દરેક વાજબી સગવડ પૂરી પાડવી જોઇશે.

(૫) આ કલમની પૂર્વવર્તી જોગવાઇઓ હેઠળ, નામનિયુક્ત અધિકારીએ તપાસણી કરેલી હોય, ત્યારે તેણે સંબંધિત સત્તામંડળના નિયામક અથવા પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારીને, આવી તપાસણીનો રિપોર્ટ આપવો જોઇશે.

**નોટિસના અપાલન માટે લેવાના પગલાં.**

**૨૫.** (૧) કલમ ૧૯ની પેટા-કલમ (૧)ના ખંડ (ખ) હેઠળ બહાર પાડેલી નોટિસના અપાલનના ગુના અંગે કામ ચલાવવાને બાધ આવ્યા સિવાય, આવી કોઇપણ નોટિસના અપાલનના પ્રસંગે, નિયામક અથવા પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારી, આવી કોઇ નોટિસના પાલન માટે જરૂરી હોય તેવા, કલમ ૨૬ હેઠળ સ્થળ, મકાન અથવા તેના કોઇ ભાગને સીલ કરવાની અને/અથવા પાણી, વીજળી અને ગટર-વ્યવસ્થાની સુવિધાઓના જોડાણ કાપી નાખવાની સત્તા વાપરવા સહિતના પગલાં લઇ શકશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળ લીધેલા કોઈપણ પગલાંના સંબંધમાં, નિયામક અથવા પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારીએ કરેલા તમામ ખર્ચ, જેને આવી નોટિસ બજાવેલી હોય તેવા માલિક અથવા ભોગવટો કરનાર પાસે માગણી કર્યેથી ચૂકવવાપાત્ર રહેશે અને આવી માગણી કર્યા પછી, પંદર દિવસની અંદર ચૂકવે નહિ તો, જાણે કે તે મિલકત પરના વેરાની પાછલી બાકી હોય તેમ વસૂલાતને પાત્ર થશે અને મિલકત પરના વેરાની પાછલી બાકીની વસૂલાત માટે, સંબંધિત સ્થાનિક સત્તામંડળની હકૂમતના વિસ્તારની અંદર તત્સમયે અમલમાં હોય તેવા સંબંધિત કાયદા અથવા બીજા કોઇ કાયદા હેઠળની જોગવાઈઓ, મિલકત પર વેરાની પાછલી બાકીની વસૂલાતને લાગુ પડે તેમ અથવા આવો કોઇ કાયદો અમલમાં ન હોય ત્યારે, આવી વસૂલાત માટે, જમીન મહેસૂલની પાછલી બાકી તરીકે ઉચિત ફેરફારો સાથે લાગુ પડશે.

ખાલી કરાવવાની અને સીલ કરવાની સત્તા.

૨૬. (૧) નિયામક અથવા પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારીને એવી ખાતરી થાય કે અગ્નિ નિવારણ અને જીવન સુરક્ષા વિષયક ઉપાયોની અપર્યાપ્તતાને કારણે, કોઈપણ સ્થળ અથવા મકાન અથવા તેના કોઇ ભાગની સ્થિતિ, વ્યકિત અથવા મિલકતને જોખમ તોળાઈ રહેલ છે, તો આ અધિનિયમમાં અથવા તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઈપણ કાયદામાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, તે લેખિતમાં હુકમથી, આવા સ્થળ અથવા મકાન અથવા તેના કોઇ-ભાગનો કબજો અથવા ભોગવટો ધરાવતી હોય તેવી વ્યકિતઓને, આવા સ્થળ અથવા મકાન અથવા તેના કોઇ ભાગમાંથી તાત્કાલિક જતાં રહેવા ફરમાવી શકશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળ, નિયામક અથવા પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારીએ કરેલા હુકમનું પાલન કરવામાં ન આવ્યું હોય તો તે,-

(ક) વીજળીના પુરવઠા અથવા પાણીના પુરવઠા માટે જવાબદાર હોય તેવા સત્તામંડળને વીજળી અથવા યથાપ્રસંગ, પાણીના પુરવઠાનું જોડાણ કાપી નાખવા માટે આદેશ કરી શકશે;

(ખ) આવા સ્થળ અથવા મકાન અથવા તેના કોઇ ભાગમાંથી આવી વ્યકિતઓને દૂર કરવા માટે, તે વિસ્તારમાં હકૂમત ધરાવતા કોઈપણ પોલીસ અધિકારીને આદેશ આપી શકશે અને આવા સત્તાધિકારી અથવા પોલીસ અધિકારીએ, આવા આદેશોનું પાલન કરવું જોઇશે.

(૩) પેટા-કલમ (૧) અથવા યથાપ્રસંગ, પેટા-કલમ (૨) હેઠળ વ્યકિતઓને દૂર કર્યા પછી, નિયામક અથવા પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારીએ, આવા

પોલીસ અધિકારી દ્વારા તરત જ આવા સ્થળ અથવા મકાન અથવા તેના કોઇ ભાગને સીલ કરાવવું જોઇશે.

(૪) નિયામક અથવા પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારીએ, આપમેળે અથવા માલિક અથવા ભોગવટો કરનારે કરેલ અરજી પરથી કરેલા લેખિત હુકમ સિવાય, કોઇપણ વ્યકિત, આવું સીલ દૂર કરી શકશે નહિ.

## પ્રકરણ ૬
## હંગામી માળખા માટેની જોગવાઇઓ.

હંગામી માળખા માટેની જોગવાઇઓ.

૨૭. (૧) રાજય સરકાર, *રાજપત્ર*માં જાહેરનામાથી, તેના અભિપ્રાય મુજબ આગનું જોખમ ઊભું થવાની સંભાવના હોય તેવા કોઇપણ પ્રસંગ યોજવા માટેનો *મંડપ, શમિયાણા* અથવા તંબૂઓ અથવા આવા બીજા હંગામી માળખા જેવા હંગામી ભોગવટાના કોઇપણ વર્ગને જાહેર કરી શકશે.

(૨) આવા હંગામી માળખાં અથવા *શમિયાણા* અથવા તંબૂઓ અથવા યથાપ્રસંગ,*મંડપ* જેવા હંગામી માળખાં ઊભા થવાની સંભાવના હોય, ત્યાં આવી ઇમારત ઊભી કરનાર પ્રયોજક તેના આયોજક, માલિક અથવા ભોગવટો કરનારે લેવાના, અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા વિષયક ઉપાયો ઠરાવવામાં આવે તેવા હોવા જોઇશે.

(૩) પ્રયોજક, આયોજક, માલિક અથવા ભોગવટો કરનારે ઠરાવેલા નમૂનામાં આપેલી બાંયધરી સુનિશ્ચિત કરીને, પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારી અથવા નામનિયુકત અધિકારી, હંગામી માળખાં અથવા *શમિયાણા* અથવા તંબૂઓ અથવા યથાપ્રસંગ, *મંડપ*ના ઉપયોગ માટેની પરવાનગી આપી શકશે.

(૪) નિયામક અથવા પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારી અથવા નામનિયુકત અધિકારી, એકરારની ખરાઇ કરવા માટે, કોઇપણ હંગામી માળખામાં પ્રવેશ કરી શકશે અને તેની તપાસણી કરી શકશે અને અપર્યાપ્તતા હોય તો, તેનો ઉલ્લેખ કરી અને નિર્દિષ્ટ સમયગાળાની અંદર તેનું પાલન કરવાનો આદેશ કરી શકશે.

(૫) તપાસણી અધિકારીનાં આદેશોનું આ રીતે આપેલા સમયગાળાની અંદર પાલન ન કરવામાં આવ્યું હોય, તો તપાસણી અધિકારી, હંગામી માળખું અથવા *શમિયાણો* અથવા તંબૂઓ અથવા *મંડપ*ને સીલ કરી શકશે અથવા આવા માળખાને છૂટું પાડી શકશે અને આ માટે થયેલ ખર્ચ, આવા કસૂરદાર પાસેથી વસૂલ કરવો જોઇશે.

(૬) પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારી અથવા આ અર્થે તેણે અધિકૃત કરેલા કોઇપણ અધિકારીને, જેનાથી આગનું જોખમ ઊભું થવાની સંભાવના હોય અથવા સ્થળની સલામતી માટે, અગ્નિશમનમાં કોઇપણ અવરોધ ઊભો થવાની સંભાવના હોય તેવા દબાણો અથવા વસ્તુઓ અથવા માલને દૂર કરવાનો આદેશ આપવો જોઇશે અને માલિક, ભોગવટો કરનાર અથવા યથાપ્રસંગ, બાંધનારની તેમ કરવામાં ચૂક થયે, માલિક, ભોગવટો કરનાર અથવા યથાપ્રસંગ, બાંધનારને રજૂઆત કરવાની વાજબી તક આપ્યા પછી, જેની હકૂમતમાં જગ્યા અથવા હંગામી માળખું અથવા *શમિયાણા* અથવા તંબૂઓ અથવા *મંડપ* આવેલ હોય તેવા સબ ડિવિઝન મેજિસ્ટ્રેટને તે બાબત પર ન્યાયનિર્ણય કરવા માટે તે બાબતની જાણ કરવી જોઇશે :

પરંતુ પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારી, અગ્નિનું જોખમ તોળાઈ રહેલ હોય અથવા અગ્નિશમનમાં અવરોધરૂપ હોય તેવા દબાણો અથવા વસ્તુઓ અથવા માલ જણાય તો તે, આવી જગ્યા અથવા મકાનના માલિક અથવા ભોગવટો કરનાર અથવા બાંધનારને તરત જ દબાણો અથવા વસ્તુઓ અથવા માલને દૂર કરવા માટેનો આદેશ કરી શકશે અને તદનુસાર સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટને તે બાબતની જાણં કરી શકશે.

(૭) પેટા-કલમ (૬) હેઠળ રિપોર્ટ મળ્યે, સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, જેનાથી આગનું જોખમ અથવા અગ્નિશમનમાં અવરોધ ઊભો થવાની સંભાવના હોય તેવા દબાણ અથવા વસ્તુઓ અથવા માલને જપ્ત કરવાનો, તેને અટકમાં રાખવાનો અથવા દૂર કરવાનો હુકમ કરી શકશે.

(૮) પેટા-કલમ (૭) હેઠળ કરેલા હુકમની અમલ બજવણીનો હવાલો ધરાવતી વ્યકિતએ, તરત જ તેવા હુકમ હેઠળ તે જપ્ત કરે તેવી વસ્તુઓ અને માલની યાંદી તૈયાર કરવી જોઇશે અને તે જ સમયે નોટિસમાં નિર્દિષ્ટ કરેલા નિયત સમયગાળાની અંદર જેનો દાવો કરવામાં નહિ આવે તેવા, હુકમમાં જણાવ્યા પ્રમાણેની સદરહુ વસ્તુઓ અથવા માલનું વેચાણ કરવામાં આવશે તેવી લેખિત નોટિસ, જપ્તીના સમયે, સદરહુ વસ્તુઓ અથવા માલ જેના કબજામાં હોય તેવી વ્યકિતને આપવી જોઇશે.

(૯) જપ્તીના સમયે, જેના કબજામાં વસ્તુઓ અથવા માલ હતો, તેવી વ્યકિતની પેટા-કલમ (૮) હેઠળ આપેલી નોટિસ અનુસાર જપ્ત કરેલા માલ પર દાવો કરવામાં ચૂક થયે, સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટે, જાહેર હરાજીથી તેનું વેચાણ કરવું જોઇશે.

(૧૦) પેટા-કલમ (૮) હેઠળ, સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટની નોટિસ અથવા હુકમથી નારાજ થયેલી કોઇ વ્યકિત, આવા હુકમની તારીખથી ત્રીસ (૩૦) દિવસની અંદર નિયામકને અપીલ કરી શકશેઃ

પરંતુ નિયામકને એવી ખાતરી થાય કે ઠરાવેલી મુદતની અંદર અપીલ ન કરવા માટેનું પૂરતું કારણ હતું, તો તે, ત્રીસ દિવસની સદરહુ મુદત પૂરી થયા પછી, અપીલ સ્વીકારી શકશે.

(૧૧) નિયામકને કરવાની અપીલ, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં કરવી જોઇશે અને તેની સાથે જેની સામે અપીલ કરવામાં આવી હોય તે નોટિસ અથવા હુકમની નકલ અને ઠરાવવામાં આવે તેટલી ફી સાથે જોડવાની રહેશે અને તેણે કરેલો હુકમ આખરી ગણાશે.

## પ્રકરણ ૭

## લાઇસન્સ ધરાવતી એજન્સી

લાઇસન્સ ધરાવતી એજન્સી.

૨૮. (૧) નિયામક, આ અધિનિયમના હેતુઓ માટે લાઇસન્સ ધરાવતી એજન્સી તરીકે કામ કરવા, પોતાને યોગ્ય લાગે તેવી કોઇપણ વ્યકિત અથવા વ્યકિતઓના મંડળને લાઇસન્સ આપી શકશે.

(૨) આવું લાઇસન્સ મેળવવા અથવા તાજું કરાવવાનો ઇરાદો ધરાવતી કોઇપણ વ્યકિતએ, ઠરાવેલા નમૂનામાં અને ઠરાવેલી રીતે, ઠરાવવામાં આવે તેટલી ફી સાથે નિયામકને અરજી કરવી જોઇશે.

(૩) પેટા-કલમ (૨) હેઠળ કરેલી અરજી મળ્યે, નિયામકે, પોતે યોગ્ય ગણે તેવી તપાસ કર્યા પછી, ઠરાવેલા નમૂનામાં બે વર્ષની મુદત માટે લાઇસન્સ આપી શકશે અથવા તેટલી જ મુદત માટે તાજું કરી આપી શકશે અથવા લેખિતમાં કારણોની નોંધ કરીને, હુકમથી, લાઇસન્સ આપવાની અથવા તેને તાજું કરવાની ના પાડી શકશે.

(૪) નિયામકને એમ માનવાને કારણ હોય કે જેને લાઇસન્સ આપેલું છે તેવી કોઇ વ્યકિતએ, આ અધિનિયમ અથવા નિયમોની જોગવાઇઓ પૈકી કોઇનું ઉલ્લંઘન કર્યું છે અથવા લાઇસન્સની શરતોનું પાલન કર્યું નથી અથવા અસમર્થતા, ગેરવર્તણૂક અથવા બીજા કોઇ ગંભીર કારણોસર ગેરલાયક છે, તો નિયામક, તે વ્યકિતને કારણ દર્શાવવાની વાજબી તક આપ્યા પછી, લેખિતમાં કારણોની નોંધ કરીને, હુકમથી, લાઇસન્સ મોકૂફ રાખી શકશે અથવા રદ કરી શકશે.

લાઇસન્સદાર એજન્સીએ કામ પાર પાડવા બાબત.

૨૯. (૧) લાઇસન્સ ધરાવતી એજન્સી સિવાય કોઇપણ વ્યકિત, કોઇપણ સ્થળ અથવા મકાન અથવા તેના ભાગમાં, અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા વિષયક ઉપાયો પૂરા પાડવાનું કામ કરી શકશે નહિ અથવા તેને સંબંધિત જરૂરી એવી બીજી પ્રવૃત્તિઓ કરી શકશે નહિ:

પરંતુ પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારીને એવી ખાતરી થાય કે, લેખિતમાં નોંધવાના, કોઇ કારણસર, માલિક અથવા ભોગવટેદાર, લાઇસન્સ ધરાવતી એજન્સી મારફતે, એવા કોઇ સ્થળ અથવા મકાન અથવા તેના ભાગમાં, લાઇસન્સ ધરાવતી એજન્સી મારફતે, અગ્નિનિવારણ અને અગ્નિસુરક્ષા વિષયક ઉપાયો કરવા માટે સમર્થ નથી, તો પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારી, નિયામકની મંજૂરીથી, એવું કામ કરવા માટે કોઇ બીજી લાઇસન્સ ધરાવતી એજન્સીને અધિકૃત કરી શકશે. તે કામ કરવાનું ખર્ચ, માલિક અથવા યથાપ્રસંગ, ભોગવટેદાર પાસેથી વસૂલ કરવામાં આવશે.

(૨) લાઇસન્સ ધરાવતી એજન્સીએ, કલમ ૧૯ની પેટા-કલમ (૩) હેઠળ, વિનિયમોમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા વિષયક ઉપાયોનું ખરેખર પાલન અથવા નિભાવ કરવામાં આવતા હોય તો જ, તેના પાલન અથવા નિભાવને લગતું પ્રમાણપત્ર આપવું જોઇશે.

## પ્રકરણ -૮

## અગ્નિશમન ફી અને બીજા ચાર્જ લેવા બાબત.

અગ્નિશમન ફી લેવા બાબત.

૩૦. (૧) રાજયમાં, અગ્નિનિવારણ અને જીવન સુરક્ષાની સેવાઓના ખર્ચ માટેની જોગવાઇ કરવાના હેતુ માટે, રાજય સરકાર, અધિનિયમની કલમ ૩ની પેટા-કલમ (૧)ના પરંતુક હેઠળ કરેલ કોઇ જાહેરાતમાં ગમે તે મજકૂર હોય તે છતાં, જયાં આ અધિનિયમ અમલમાં હોય તેવા કોઇપણ વિસ્તારમાં આવેલા હોય તેવા જમીનો અને મકાનો પર અગ્નિશમન ફી લઇ શકશે અને વસૂલ કરી શકશે.

(૨) રાજય સરકાર, *રાજપત્ર*માં, જાહેરનામાથી વખતોવખત નકકી કરે તેટલા દરે, મિલકત વેરાની ટકાવારીના સંબંધમાં, એવા મિલકત વેરા પર અગ્નિશમન ફી લઇ શકશે :

પરંતુ, રાજય સરકાર, જુદા જુદા વિસ્તારો અથવા જુદા જુદા સ્થાનિક સત્તામંડળ અથવા સત્તામંડળો માટે ટકાવારીના જુદા જુદા દર નકકી કરી શકશે.

અગ્નિશમન ફીની આકારણી, વસૂલાત વિગેરેની રીત.

૩૧. (૧) મિલકત વેરો લેવા માટે વિસ્તારના સ્થાનિક સત્તામંડળને અધિકૃત કરતા સંબંધિત કાયદા હેઠળ એવા વેરાની આકારણી, વસૂલાત અને તેની ચુકવણીનો અમલ કરવા સત્તા આપેલ સત્તામંડળોએ, રાજય સરકાર વતી અને આ અધિનિયમ હેઠળ કરેલા કોઇ નિયમોને અધીન રહીને, મિલકત વેરાની આકારણી, વસૂલાત અને ચુકવણીનો અમલ જે રીતે થતો હોય, તે જ રીતે અગ્નિશમન ફીની આકારણી, વસૂલાત અને ચુકવણીનો અમલ કરવો જોઇશે અને આ હેતુ માટે,

સંબંધિત કાયદા હેઠળ તેમને આપવામાં આવેલી તમામ અથવા તે પૈકીની કોઇ સત્તા વાપરી શકશે અને પત્રક, અપીલ, સમીક્ષા, રેફરન્સ અને દંડને લગતી જોગવાઇઓ સહિત એવા કાયદાની જોગવાઇઓ, તદ્નુસાર લાગુ પડશે.

(૨) અગ્નિશમન ફીની વસૂલાતના ખર્ચને પહોંચી વળવા માટે અગ્નિશમન ફીની કુલ ઉપજનો સરકાર નકકી કરે તેટલો ભાગ, કપાત કરવો જોઇશે.

ફંડની રચના. ૩૨. (૧) 'અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા ફંડ' તરીકે ઓળખાતા એક ફંડની રચના કરવામાં આવશે.

(૨) આ અધિનિયમ હેઠળ વસૂલ કરેલી અગ્નિશમન ફી અને (દંડ સિવાયની) શિક્ષામાંથી થયેલી ઉપજ, સૌ પ્રથમ રાજયના એકત્રિત ફંડમાં જમા કરવામાં આવશે અને તેમાંથી તે ઉઘરાવવાના અને વસૂલના કરવાના ખર્ચને કપાત કર્યા પછી અને આ અર્થે કાયદાથી યોગ્ય રીતે વિનિયોગ કર્યા પછી, પેટા-કલમ (૧) હેઠળ રચાયેલ ફંડમાં દાખલ અને તબદીલ કરવામાં આવશે.

(૩) પેટા-કલમ (૨) હેઠળ ફંડમાં તબદીલ કરેલી કોઇપણ રકમ, રાજયના એકત્રિત ફંડ ખાતે ઉધારવી જોઇશે.

(૪) ફંડમાંની રકમ, આ અધિનિયમના હેતુંઓ માટે, ઠરાવવામાં આવે તેવી રીતે અને તેવી શરતો હેઠળ ખર્ચવી જોઇશે.

(૫) ફંડ, સંબંધિત સત્તામંડળના બજેટ અંદાજોમાં દર્શાવવું જોઇશે અને તેને લગતા હિસાબો, સંબંધિત સત્તામંડળને લાગુ પડતા હોય તેવા સંબંધિત કાયદા અથવા તે હેઠળ કરેલા નિયમો અને હુકમોમાં, હિસાબોની જાળવણીના હેતુ માટે ઠરાવેલી કાર્યરીતિ અનુસાર જાળવવા જોઇશે અને તેનું ઓડિટ કરાવવું જોઇશે.

## પ્રકરણ-૯
## અપીલ

અપીલ. ૩૩. (૧) કલમ ૧૯ ની પેટા-કલમ (૧)ના ખંડ (ખ) હેઠળ કાઢેલી નોટિસથી, અથવા

(૨) પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારીએ કલમ ૨૬ ની પેટા-કલમ (૪) હેઠળ હુકમ પસાર કરવા માટે કરેલા ઇન્કારથી નારાજ થયેલ કોઇપણ વ્યકિત, નિયામકને અપીલ કરી શકશે. એવી અપીલ, ઠરાવવામાં આવે તેવી રીતે કરવી જોઇશે અને તેની

સાથે ઠરાવવામાં આવે તેટલી ફી જોડવી જોઇશે. નિયામક, અપીલ કરનારને સુનાવણીની વાજબી તક આપ્યા પછી, હુકમ કરી શકશે અને આ કલમ હેઠળ કરેલો એવો દરેક હુકમ, આખરી ગણાશે:

પરંતુ કોઇ સ્થાનિક સત્તામંડળની સ્થાનિક અગ્નિશમન સેવાના કિસ્સામાં, મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સમાવિષ્ટ વિસ્તારને લાગે વળગે છે, ત્યાં સુધી કમિશનર અપીલ સત્તાધિકારી રહેશે.

અપીલ કરવાની સમય મર્યાદા.

૩૪. કલમ ૩૩ હેઠળની કોઇપણ અપીલ, નોટિસ બજાવ્યાની તારીખથી અથવા નિયામકને અથવા યથાપ્રસંગ, કમિશનરને ઇનકારની જાણ કરવામાં આવે તે તારીખથી પંદર દિવસની અંદર કરવામાં આવી હોય તે સિવાય, દાખલ કરવામાં આવશે નહિ:

પરંતુ નિયામકને, અથવા યથાપ્રસંગ, કમિશનરને એમ ખાતરી થાય કે સદરહુ મુદતમાં અપીલ કરી ન શકવા માટે અપીલ કરનાર પાસે પૂરતું કારણ હતું, તો તે, પંદર દિવસ પૂરા થયા પછી પણ અપીલ દાખલ કરી શકશે.

## પ્રકરણ ૧૦
## ગુના અને શિક્ષા.

ઉતરતા કોર્ટની હકૂમત.

૩૫. મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ અથવા પ્રથમ વર્ગના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટની દરજ્જાની હોય તેવી કોઇપણ કોર્ટ, આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ શિક્ષાપાત્ર ગુનાની ઇન્સાફી કાર્યવાહી કરી શકશે નહિ.

કોર્ટને બાધ.

૩૬. કોઇપણ કોર્ટ, આ અધિનિયમની કલમ ૧૯ હેઠળ આપેલી કોઇ નોટિસ અથવા કલમ ૨૬ ની પેટા-કલમ (૨) હેઠળ લીધેલ કોઇ પગલું અથવા કલમ ૨૬ ની પેટા-કલમ (૪) અને કલમ ૨૭- ની પેટા-કલમ (૧૦) હેઠળ સીલને દૂર કરવાની પરવાનગી આપવાનો ઇન્કાર કરતાં હુકમના સંબંધમાં કોઇ દાવો, અરજી અથવા બીજી કાર્યવાહીઓ દાખલ કરી શકશે નહિ અથવા આ અધિનિયમમાં કરેલી જોગવાઇ પ્રમાણે અપીલ કરેલી હોય તે સિવાય, કોઇ પગલાં અથવા હુકમની સામે વાંધો લઇ શકશે નહિ.

ગુનાની ન્યાયિક નોંધ લેવા બાબત.

૩૭. પોલીસ અધિકારના ગુના સિવાય, કોઇપણ કોર્ટ, આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ શિક્ષાપાત્ર ગુનાની ન્યાયિક નોંધ લઇ શકશે નહિ, સિવાય કે પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારી અથવા આ અર્થે તેમણે અધિકૃત કરેલ બીજા કોઇ અધિકારીએ તે અંગે ફરિયાદ કરી હોય.

૩૮. (૧) નિયામક અથવા પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારી અથવા નિયામકે આ અર્થે અધિકૃત કરેલ કોઇ અધિકારી, સામાન્ય અથવા ખાસ હુકમથી, કાર્યવાહી માંડયા પહેલાં અથવા તે પછી, આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોથી અથવા તે હેઠળ શિક્ષાપાત્ર બનાવેલ કોઇ ગુનાની માંડવાળ કરી શકશે અથવા કોઇપણ તબકકે આવી કાર્યવાહી પાછી ખેંચી શકશે. ગુનાની માંડવાળ અથવા કાર્યવાહી પાછી ખેંચી લેવા બાબત.

(૨) પેટા-કલમ (૧) હેઠળ ગુનાની માંડવાળ કરવામાં આવી હોય ત્યારે, ગુનેગારને, કસ્ટડીમાં હોય તો તેમાંથી મુક્ત કરવામાં આવશે અને માંડવાળ કરેલ ગુનાના સંબંધમાં, તેની સામે વધુ કોઇ કાર્યવાહી કરવામાં આવશે નહિ.

ગુના અને શિક્ષા. ૩૯. (૧) જે કોઇ વ્યક્તિ, નીચે પૈકીની કોઇપણ જોગવાઇઓનું ઉલ્લંઘન કરે-

(ક) કલમ ૧૮ની પેટા-કલમ (૧) હેઠળ, અગ્નિનિવારણ અને જીવન સુરક્ષાના સાધનોને સારી અને કાર્યક્ષમ સ્થિતિમાં પૂરા પાડવામાં અને નિભાવવામાં નિષ્ફળ રહે;

(ખ) કલમ ૧૯ની પેટા-કલમ (૧) હેઠળ, અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા વિષયક ઉપાયો કરવા અને તેને પાર પાડવાનો આદેશ કરતી નોટિસનું પાલન કરવામાં નિષ્ફળ રહે;

(ગ) કલમ ૨૧ની પેટા-કલમ (૪) હેઠળ, કોઇ મકાનમાં લગાવેલા અગ્નિનિવારણ અને જીવન સુરક્ષાના સાધનોની સાથે ચેડાં કરે, તેમાં ફેરફાર કરે, તેને દૂર કરે અથવા તેને કોઇ હાનિ કે નુકશાન પહોંચાડે અથવા કોઇ બીજી વ્યકિતને તેમ કરવા પ્રેરે ;

(ઘ) કલમ ૨૨ની પેટા-કલમ (૨) હેઠળ, સુરક્ષાના સ્થળે આગનું જોખમ ઊભું કરે તેવી વસ્તુઓ અથવા માલને દૂર કરવાના આદેશનું પાલન ન કરીને, એવી વસ્તુઓ અથવા માલની અધિકૃત જપ્તી, અટકાયત અને તેને દૂર કરવામાં અવરોધ કરે;

(ચ) કલમ ૨૪ની પેટા-કલમ (૩) હેઠળ, કોઇ અધિકૃત અથવા સત્તા આપેલ વ્યકિતના પ્રવેશમાં અવરોધ કરે અથવા તપાસ માટે એવી રીતે પ્રવેશ કર્યા પછી એવી વ્યકિતને હેરાન કરે;કલમ ૨૬ ની પેટા-કલમ (૪) હેઠળ, પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારીએ કરેલા લેખિત હુકમ વિના બાંધકામનું સીલ દૂર કરે;

(છ) કલમ ૨૭ની પેટા-કલમ (૪) હેઠળ, નિયામકે અથવા પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારીએ આપેલા આદેશોનું પાલન ન કરે;

(જ) કલમ ૨૯ની પેટા-કલમ (૧) હેઠળ, લાઇસન્સ ધરાવતી એજન્સી સિવાયની વ્યકિત દ્વારા અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા વિષયક ઉપાયો પૂરા પાડવાનું કામ કરાવે અથવા તેને સંબંધિત બીજી પ્રવૃત્તિઓ કરાવે; અથવા

(ઝ) કલમ ૨૯ ની પેટા-કલમ (૨) હેઠળ, અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા વિષયક ઉપાયો અને સાધનોનાં ખરેખર પાલન અથવા નિભાવ વિના,કલમ ૧૯ની પેટા-કલમ (૩) હેઠળનું પ્રમાણપત્ર આપે;

તો, તેને, આ અધિનિયમની જોગવાઇઓ પૈકીની કોઇ જોગવાઇ હેઠળ લીધેલ અથવા લેવામાં આવે તેવા કોઇ બીજા પગલાંને બાધ આવ્યા સિવાય, ઓછામાં ઓછા એક મહિનાથી બે વર્ષની મુદત સુધીની કેદની અથવા ૧૦,૦૦૦ રૂપિયાથી ૧,૦૦,૦૦૦ રૂપિયા સુધીના દંડની અથવા તે બન્ને શિક્ષા થશે અને ગુનો ચાલુ રહે, તો એવો ગુના માટે પ્રથમવાર દોષિત ઠર્યા પછી એવો ગુનો ચાલુ રહે તેવા દરેક દિવસ દીઠ ૩૦૦૦ રૂપિયા સુધીનો વધુ દંડ કરી શકાશે.

(૨) જે કોઇ વ્યકિત-

(ક) આ અધિનિયમ હેઠળ લેવાપાત્ર કોઇ ફી અથવા વ્યાજ ભરવાનું ગમે તે રીતે, જાણીબુઝીને ટાળવાનો પ્રયત્ન કરે, અથવા

(ખ) આ અધિનિયમથી અથવા તે હેઠળ જેના માટે કોઇ વિશિષ્ટ શિક્ષાની જોગવાઇ કરી ન હોય તેવી આ અધિનિયમ અથવા નિયમોની જોગવાઇ પૈકીની કોઇનું ઉલ્લંઘન કરે, અથવા

(ગ) આ અધિનિયમથી જેના માટે કોઇ વિશિષ્ટ જોગવાઇ કરવામાં આવી ન હોય તેવી, નિયામકે અથવા કોઇ સત્તાધિકારીએ અથવા પ્રાદેશિક અગ્નિશમન અધિકારીએ અથવા મુખ્ય અગ્નિશમન અધિકારીએ અથવા તેઓ પૈકી કોઇએ અધિકૃત કરેલ કોઇ બીજા અધિકારીએ,આ અધિનિયમ અથવા નિયમોની જોગવાઇઓ પૈકીની કોઇ જોગવાઇ હેઠળ કાઢેલ કોઇ હુકમ અથવા કોઇ નોટિસ અથવા કોઇ આદેશનું પાલન ન કરે, તો તેને, દોષિત ઠર્યે, -

(૧) એક વર્ષ દરમિયાન ફી અને / અથવા વ્યાજની રકમ રૂપિયા ૫૦,૦૦૦/- થી વધુ હોય,તે કિસ્સામાં ત્રણ મહિનાથી ઓછી નહિ પરંતુ બે વર્ષની મુદત સુધીની કેદની અથવા દંડની અથવા તે બન્ને શિક્ષા થશે;

(૨) આવી રકમ, એક વર્ષ દરમિયાન રૂપિયા ૫૦,૦૦૦/- થી ઓછી હોય તો એક મહિનાથી ઓછી નહિ પરંતુ એક વર્ષ સુધીની મુદતની કેદની અથવા દંડની અથવા તે બન્ને શિક્ષા થશે;

(૩) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની કોઇ જોગવાઇના ઉલ્લંઘનના અથવા ઉપર્યુક્ત કોઇ હુકમ અથવા નોટિસનું પાલન ન કરવાના કિસ્સામાં, ત્રણ મહિનાથી ઓછી નહિ તેટલી બે વર્ષ સુધીની મુદતની કેદની અથવા દંડની અથવા તે બન્ને શિક્ષા થશે.

(૩) જે કોઇ વ્યક્તિ, પેટા-કલમ (૧) અથવા (૨) માં નિર્દિષ્ટ કરેલો કોઇ ગુનો કરવામાં કોઇ વ્યક્તિને સહાય કરે અથવા મદદ કરે, તેને, જો કૃત્ય તેની મદદગારી કરવાને લીધે થયું હોય અને એવી મદદગારી કરવા બદલ શિક્ષાની કોઇ સ્પષ્ટ જોગવાઇ આ અધિનિયમથી કરવામાં આવી ન હોય, તો તે ગુના બદલ જોગવાઇ કરવામાં આવી હોય તે શિક્ષા થશે.

**સ્પષ્ટીકરણઃ**- જ્યારે કોઇ કૃત્ય અથવા ગુનો, ઉશ્કેરણીના પરિણામરૂપે અથવા ષડયંત્ર અનુસાર અથવા ગુના-સહાય (મદદગારી)નો ભાગ બનતી હોય તેવી કોઇ મદદથી આચર્યો હોય, ત્યારે તે ગુના સહાય(મદદગારી)ના પરિણામરૂપે આચર્યો હોવાનું ગણાશે.

સીલ દૂર કરવા અંગેના ગુના અને શિક્ષા.

૪૦. કલમ ૨૧ની પેટા-કલમ (૪) હેઠળના ગુના અને કલમ ૨૬ની પેટા કલમ (૪) હેઠળ હુકમ વિના સીલ દૂર કરવાના ગુના પોલીસ અધિકારના અને બિન-જામીન પાત્ર ગુના ગણાશે.

અગ્નિશમન અધિકારીઓને સહાય.

૪૧. દરેક પોલીસ અધિકારી, સરકારી અને ખાનગી એજન્સી અથવા વ્યક્તિ, આ અધિનિયમ હેઠળ અગ્નિશમન સેવાના સભ્યો તેમની ફરજો બજાવવામાં તેમની અથવા તેમની સહાયની વાજબી માગણી કરે, તો સભ્યોને સહાય કરવા માટે બંધાયેલા રહેશે.

માહિતી આપવામાં ચૂક કરવા બાબત.

૪૨. કોઇપણ વ્યક્તિ, જે આગ ફાટી નિકળવા સંબંધી તેના કબજા હેઠળની માહિતી પહોંચાડવામાં કોઇ વાજબી કારણ વિના ચૂક કરે, તો તેણે ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ની કલમ ૧૭૬ હેઠળ શિક્ષાપાત્ર ગુનો કર્યો ગણાશે.

સન ૧૮૬૦નો ૪૫મો.

અગ્નિશમન બચાવ કામગીરીઓને જાણીબૂઝીને અવરોધવા બદલ શિક્ષા.

૪૩. કોઇપણ વ્યક્તિ, અગ્નિશમન કામગીરીઓમાં રોકાયેલા હોય તેવા અગ્નિશમન સેવાના કોઇ સભ્યના કામમાં જાણીબૂઝીને અવરોધ ઉભો કરે અથવા તેમાં હસ્તક્ષેપ કરે, તો તે ત્રણ મહિનાની મુદત સુધીની કેદની અથવા પાંચ હજાર રૂપિયા સુધીના દંડની અથવા તે બન્ને શિક્ષાને પાત્ર થશે.

૪૪. નિવેદન, સંદેશા અથવા બીજા કોઇ સાધનો દ્વારા આગ ફાટી નીકળવા સંબંધી રિપોર્ટ મેળવવાને અધિકૃત કરાયેલી કોઇ વ્યકિતને, આગ ફાટી નીકળવાનો ખોટો રિપોર્ટ જાણી જોઇને આપે અથવા અપાવડાવે, તેવીકોઇપણ વ્યકિત, ત્રણ મહિનાની મુદત સુધીની કેદની અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની અથવા તે બન્ને શિક્ષાને પાત્ર થશે. ખોટો રિપોર્ટ.

૪૫. (૧) આ અધિનિયમ હેઠળ શિક્ષાપાત્ર ગુનો કોઇ કંપનીએ કર્યો હોય, ત્યારે ગુનો કરવામાં આવ્યો હોય તે સમયે કંપનીનો હવાલો સંભાળતી હોય તેમજ કંપનીના કામકાજના સંચાલન માટે કંપનીને જવાબદાર હોય તે દરેક વ્યકિત તેમજ કંપની તે ગુના માટે દોષિત છે એમ ગણાશે અને તેની સામે કામ ચલાવી શકાશે અને તદ્નુસાર તેમને શિક્ષા કરી શકાશે : કંપનીઓએ કરેલા ગુના.

પરંતુ એવી કોઇ વ્યકિત એમ સાબિત કરે કે તેવો ગુનો તેની જાણ બહાર થયો હતો અથવા તે ગુનો થતો અટકાંવવા માટે તેણે તમામ યોગ્ય કાળજી રાખી હતી, તો તે વ્યકિત, આ પેટા-કલમમાંના કોઇપણ મજકૂરથી કોઇ શિક્ષાને પાત્ર થશે નહિ.

(૨) પેટા-કલમ (૧) માં ગમે તે મજકૂર હોય તે છતાં, આ અધિનિયમ હેઠળનો શિક્ષાપાત્ર ગુનો કોઇ કંપનીએ કર્યો હોય અને એવું સાબિત થાય કે તે ગુનો કંપનીના કોઇ ડિરેકટર, મેનેજર, સેક્રેટરી અથવા બીજા અધિકારીની સંમતિથી અથવા તેની મૂક સંમતિથી કરવામાં આવ્યો છે અથવા તેમના પક્ષે થયેલી કોઇ બેદરકારીને કારણે થયો છે, ત્યારે, તેવા ડિરેકટર, મેનેજર, સેક્રેટરી અથવા બીજા અધિકારી પણ તે ગુના માટે દોષિત ગણાશે અને તેની સામે કામ ચલાવી શકાશે અને તદનુસાર તેને શિક્ષા કરી શકાશે.

**સ્પષ્ટીકરણ :** – આ કલમના હેતુઓ માટે, –

(ક) ''કંપની'' એટલે કોઇ સંસ્થાપિત મંડળ અને તેમાં કોઇ પેઢી અથવા વ્યકિતઓના બીજા એસોસિયેશનનો સમાવેશ થાય છે; અને

(ખ) પેઢીના સંબંધમાં ''નિયામક'' એટલે પેઢીનો ભાગીદાર અને વ્યકિતઓના કોઇ એસોસિયેશન અથવા વ્યકિતઓના મંડળના સંબંધમાં તેના કામકાજનું નિયંત્રણ કરતો કોઇ સભ્ય.

## પ્રકરણ ૧૧

## પ્રકીર્ણ

અધિકારીઓ અને કર્મચારીઓ રાજયસેવક ગણાશે.

૪૬. દરેક અધિકારી અથવા કર્મચારી, આ અધિનિયમની અથવા તે હેઠળ કરાયેલ કોઇ નિયમ અથવા વિનિયમની જોગવાઇઓ અનુસાર કાર્ય કરતા હોય અથવા તેમ કરતાં હોવાનું અભિપ્રેત હોય, ત્યારે ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૨૧ના અર્થ મુજબ રાજય સેવક છે એમ ગણાશે. સન ૧૮૬૦નો ૪૫મો.

અગ્નિશમન સેવાના સભ્યનું મૃત્યુ.

૪૭. (રાજપત્રિત અધિકારી સિવાયનો) અગ્નિશમન સેવાનો સભ્ય ફરજ બજાવતી વખતે મૃત્યુ પામે તે કિસ્સામાં, રાજ્ય સરકારે, હુકમથી પોતે નક્કી કરે તેટલી રકમ અંત્યેષ્ટિ ખર્ચ તરીકે નજીકમાં નજીકના સગાસંબંધીને ચૂકવવી જોઇશે.

બીજી ફરજો અંગેનો રોજગાર.

૪૮. સરકાર અથવા આ અર્થે તેણે અધિકૃત કરેલા કોઇ અધિકારી માટે, અગ્નિશમન સેવા તેની તાલીમ, ઉપકરણો અને સાધનસામગ્રીના કારણે જેના માટે યોગ્ય હોય તેવા કોઇ બચાવ, રક્ષણ અથવા બીજા કામમાં તેને રોકવાનું કાયદેસર ગણાશે.

બીજા અધિનિયમ સાથેની અસંગતતાની અસર.

૪૯. (૧) આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓ, તત્સમયે અમલમાં હોય તેવા કોઇ બીજા કાયદામાં અથવા કોઇ બીજા કાયદાની રૂએ અસરકર્તા હોય તેવા કોઇપણ લેખમાં સમાવિષ્ટ કરેલ મજકૂર સાથે ગમે તે અસંગતતા હોય તે છતાં, અમલમાં રહેશે.

(૨) પેટા-કલમ (૧)ની જોગવાઇઓને અધીન રહીને, આ અધિનિયમની જોગવાઇઓ, આમાં ઉપર સ્પષ્ટપણે જોગવાઇ કરી હોય તે સિવાય, આ અધિનિયમ અમલમાં હોય તેવા કોઇ વિસ્તારમાં તત્સમયે અમલમાં હોય તેવા કોઇ સંબંધિત કાયદાની જોગવાઇઓ ઉપરાંતની અને તેનું અલ્પીકરણ-ન કરતી હોય તેવી રહેશે.

અધિનિયમની ઉપરવટ અસર અને બીજા કાયદાઓની અસર.

૫૦. (૧) તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઇપણ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, અગ્નિનિવારણ અને જીવન સુરક્ષાને લગતી જોગવાઇઓને સંબંધિત હોય ત્યાં સુધી, આ અધિનિયમની જોગવાઇઓની ઉપરવટ અસર રહેશે.

(૨) તત્સમયે અમલમાં હોય તેવા બીજા કોઇ કાયદામાં ગમે તે મજકૂર હોય તે છતાં, અગ્નિ નિવારણ અને જીવન સલામતી પગલાંના સંબંધમાં આ અધિનિયમ હેઠળ કોઇપણ બાબત કરવી અથવા મંજૂર કરવી જરૂરી હોય ત્યારે, તેવી કોઇપણ બાબત, એવા બીજા કાયદા હેઠળ તેના માટે પરવાનગી, માન્યતા અથવા જરૂરી મંજૂરી મળેલ નથી એવી હકીકતના કારણ માત્રથી ગેરકાયદેસર રીતે કરાયેલું છે અથવા મંજૂર કરાયેલ છે એમ ગણાશે નહિ.

રાજ્ય સરકાર દ્વારા અસ્કયામત, હક વગેરેની તબદીલી રાજ્ય અગ્નિશમન સેવાને કરવા બાબત.

૫૧. રાજ્ય અગ્નિશમન સેવા દ્વારા અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા માટેનાં અસરકારક ઉપાય પૂરા પાડી શકાય તે માટે, રાજ્ય સરકાર, હુકમથી, રાજ્ય સરકારની માલિકીના અથવા તેના નિયંત્રણ હેઠળના તમામ અથવા કોઇ મંડળની કોઇ અસ્કયામત, હક અને જવાબદારીઓ, રાજ્ય અગ્નિશમન સેવાને તબદીલ કરી શકશે.

૫૨. (૧) રાજ્ય સરકાર, *રાજ્યપત્ર*માં જાહેરનામાથી, આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ પોતે વાપરી શકે તેવી તેની સત્તા પૈકીની,નિયમો કરવાની સત્તા સિવાયની, કોઇપણ સત્તા અને તેવા જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી બાબતોમાં અને તેવી બોલીઓ અને શરતો, હોય તો, તેને અધીન રહીને, નિયામકને સોંપી શકશે. સત્તાની સોંપણી.

(૨) નિયામક, રાજ્ય સરકારની પૂર્વ-મંજૂરીથી, લેખિતમાં હુકમથી, આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ પોતે વાપરી શકે તેવી સત્તા પૈકીની કોઇપણ સત્તા, આવા હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી બોલીઓ અને શરતો, હોય તો, તેને અધીન રહીને પ્રાદેશિક આગશમન અધિકારી અથવા મુખ્ય આગશમન અધિકારીને સોંપી શકશે.

૫૩. નિયામક, લેખિતમાં કારણોની નોંધ કરીને, આ અધિનિયમ હેઠળના કાર્યો બજાવવાના હેતુ માટે અને આકસ્મિક રાહત પગલાં હાથ ધરેલ હોય તેવા અસરગ્રસ્ત વિસ્તારોની અંદર, નિર્દિષ્ટ કરેલ કોઇ કૃત્ય કરવા અથવા કોઇ કૃત્ય ન કરવા માટે કોઇ વ્યકિતને, એવા આદેશો આપી શકશે અને એવા આદેશોની મળ્યેથી, એવી કોઇપણ વ્યકિતએ તેનું પાલન કરવું જોઇશે. આદેશો આપવાની સત્તા.

૫૪. દરેક પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારીએ, નિયામક વખતોવખત ફરમાવે તેવા રિપોર્ટ, પત્રકો અને બીજી માહિતી, નિયામકને, પૂરી પાડવી જોઇશે. પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારીએ અહેવાલ આપવા બાબત.

૫૫. રાજ્ય સરકાર, વખતોવખત નિયામકને, આ અધિનિયમની જોગવાઇઓનો અમલ કરવા માટે પોતે યોગ્ય ગણે તેવા આદેશો આપી શકશે અને આવા આદેશોનું પાલન કરવાની નિયામકની ફરજ રહેશે. આદેશો આપવાની રાજ્ય સરકારની સત્તા.

રાજ્ય સરકારનો નિર્ણય આખરી ગણાશે. ૫૬. આ અધિનિયમ હેઠળ નિયામક અથવા પ્રાદેશિક અગ્નિશમન અધિકારી અથવા મુખ્ય અગ્નિશમન અધિકારીએ પોતાની સત્તા વાપરવામાં અને ફરજો બજાવવા સંબંધી કોઇ વિવાદ ઊભો થાય, તો રાજ્ય સરકારને તે અંગે પૂછાણ કરવું જોઇશે અને તે બાબતમાં રાજ્ય સરકારનો નિર્ણય આખરી ગણાશે.

નિયમો કરવાની સત્તા. ૫૭. (૧) રાજ્ય સરકાર, *રાજ્યપત્ર*માં જાહેરનામાથી, અને પૂર્વપ્રસિદ્ધિની શરતને અધીન રહીને, આ અધિનિયમના હેતુઓ પાર પાડવા માટે, આ અધિનિયમ સાથે અસંગત ન હોય તેવા નિયમો કરી શકશે:

પરંતુ રાજ્ય સરકારને એવી ખાતરી થાય છે કે તાત્કાલિક પગલાં લેવાનું તેને માટે જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે, તો તે, આ અધિનિયમ હેઠળ કરવાના કોઇ નિયમની પૂર્વ-પ્રસિદ્ધિ વિના ચલાવી લઇ શકશે.

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી જોગવાઈઓની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, આવા નિયમોથી નીચેની તમામ અથવા તે પૈકીની કોઈપણ બાબત માટે જોગવાઈ કરી શકશે :-

(ક) કલમ ૨ ની પેટા કલમ(૧) ના અનુક્રમે ખંડ (ઠ) અને ખંડ (ઢ) હેઠળ અગ્નિશમન વિભાગના અગ્નિશમન પેટા-વિભાગ અને અગ્નિશમન પ્રદેશના અગ્નિશમન વિભાગોની સંખ્યા ઠરાવવા બાબત;

(ખ) કલમ ૨ પેટા કલમ ૧ના ખંડ (ભ) હેઠળ નામનિયુકત અધિકારીની નિમણૂક માટેની લાયકાતો ઠરાવવા બાબત;

(ગ) કલમ ૫ ની પેટા-કલમ(૨) હેઠળ સ્ટાફની ભરતી, જગાનો ગ્રેડ, લાયકાત, પગાર, ભથ્થાં અને તેમાં રોકાયેલા અધિકારીઓ અને કર્મચારીઓની શરતોનું નિયમન કરતા નિયમો ઠરાવવા બાબત;

(ઘ) કલમ ૮ ની પેટા-કલમ(૩) હેઠળ પ્રાદેશિક અગ્નિશમન અધિકારીની નિમણૂક માટેની લાયકાતો અને સેવાની બીજી શરતો ઠરાવવા બાબત;

(ચ) કલમ ૧૦ ની પેટા-કલમ(૨) હેઠળ વિભાગીય અગ્નિશમન અધિકારી અને સ્ટેશન અગ્નિશમન અધિકારીની નિમણૂક માટેની લાયકાતો અને સેવાની બીજી શરતો ઠરાવવા બાબત;

(છ) કલમ ૧૦ ની પેટા-કલમ(૩)ના ખંડ (ક) હેઠળ દરેક સ્થાનિક અગ્નિશમન સેવા માટે મુખ્ય અગ્નિશમન અધિકારીની કક્ષાના વર્ગીકરણ માટે બીજા પરિબળો ઠરાવવા બાબત;

(જ) કલમ ૧૦ ની પેટા-કલમ(૩)નાં ખંડ (ખ) હેઠળ મુખ્ય અગ્નિશમન અધિકારીની કક્ષાના ધોરણો અને લાયકાત ઠરાવવા બાબત;

(ઝ) કલમ ૧૨ ની પેટા-કલમ(૧) હેઠળ અગ્નિ સલામતી અધિકારીની દરેક કક્ષાના ધોરણો અને લાયકાત ઠરાવવા બાબત;

(ટ) કલમ ૧૨ ની પેટા-કલમ(૨) હેઠળ નામ નોંધણી પ્રમાણપત્રનો નમૂનો ઠરાવવા બાબત;

(ઠ) કલમ ૧૪ ની પેટા-કલમ(૧)ના ખંડ (ગ) હેઠળ નુકસાન માટે જે રીતે અને જેટલા પ્રમાણમાં વળતર આપવું જોઇશે તે રીત અને પ્રમાણ ઠરાવવા બાબત;

(ડ) કલમ ૧૫ હેઠળ અગ્નિશમન કામગીરી દરમિયાન પાણી મેળવવા માટે પાણી પુરવઠાના દર ઠરાવવા બાબત;

(ઢ) કલમ ૧૬ હેઠળ અગ્નિશમન સાધનો નીભાવવા માટે કોઇ વ્યક્તિ સાથે કરારની બોલીઓ ઠરાવવા બાબત;

(ત) કલમ ૧૭ ની પેટા-કલમ(૨) હેઠળ કોઇ અગ્નિશમન સેવાના અને ઉદ્યોગો, હોટેલ, બહુમાળી મકાનોની ખાનગી સેવાના કર્મચારીઓની તાલીમ માટે ચુકવવાપાત્ર ફી બાબત;

(થ) કલમ ૧૭ ની પેટા-કલમ(૩) હેઠળ પ્રશિક્ષણના અભ્યાસક્રમો પૂરા પાડવા માટેની ફી અને કાર્યરીતિ ઠરાવવા બાબત;

(દ) કલમ ૧૯ ની પેટા-કલમ(૧)ના ખંડ (ખ) હેઠળ નોટિસ બજાવવાની રીત ઠરાવવા બાબત;

(ધ) કલમ ૨૭ની પેટા-કલમ(૨) હેઠળ અગ્નિ નિવારણ અને જીવન સુરક્ષા માટેના ઉપાયો ઠરાવવા બાબત;

(ન) કલમ ૨૭ની પેટા-કલમ(૩) હેઠળ બાંયધરીનો નમૂનો ઠરાવવા બાબત;

(પ) કલમ ૨૭ની પેટા-કલમ(૮) હેઠળ નોટિસ બજાવવાની રીત ઠરાવવા બાબત;

(ફ) કલમ ૨૭ની પેટા-કલમ(૧૧) હેઠળ અપીલનો નમૂનો અને ફી ઠરાવવા બાબત;

(બ) કલમ ૨૮ની પેટા-કલમ(૨) હેઠળ ભરવાની ફી, અરજીનો નમૂનો અને લાઇસન્સનો નમૂનો અને રીત ઠરાવવા બાબત;

(ભ) કલમ ૨૮ની પેટા-કલમ(૨) હેઠળ લાઈસન્સ તાજું કરાવવા માટે ભરવાની ફી, નમૂનો અને રીત ઠરાવવા બાબત;

(મ) કલમ ૩૨ની પેટા-કલમ(૪) હેઠળ ફંડમાંથી કરવાના ખર્ચ માટેની રીત અને શરતો ઠરાવવા બાબત;

(૫) કલમ ૩૩ના ખંડ (૨) હેઠળ અપીલ કરવા માટેની રીત અને ફી ઠરાવવા બાબત;

(૩) આ કલમ હેઠળ કરેલા તમામ નિયમો, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ, ઓછામાં ઓછા ત્રીસ દિવસ સુધી રાજય વિધાનમંડળ સમક્ષ મૂકવા જોઇએ અને જે સત્રમાં તે નિયમો એ રીતે મૂકવામાં આવે તેમાં અથવા તેની તરત પછીના સત્રમાં, રાજય વિધાનમંડળ તેમાંથી જે કંઇ રદ કરે અથવા રાજય વિધાનમંડળ તેમાં જે કોઇ ફેરફાર કરે તેને અધીન રહેશે.

(૪) રાજય વિધાનમંડળ એવી રીતે જે કંઇ રદ કરે અથવા કોઇ ફેરફાર કરે તે *રાજપત્ર*માં પ્રસિધ્ધ કરવામાં આવશે અને તેમ થયે તેનો અમલ થશે.

વિનિયમો કરવાની સત્તા.

**૫૮.** (૧) નિયામક, રાજય સરકારની મંજૂરીથી, રાજપત્રમાં જાહેરનામા દ્વારા, આ અધિનિયમ હેઠળ પોતાના કાર્યો બજાવી શકે તે માટે, આ અધિનિયમ અને તે હેઠળ કરેલા નિયમો સાથે અસંગત ન હોય તેવા વિનિયમો કરી શકશે.

(૨) આવા વિનિયમોથી, ખાસ કરીને અને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, આ અધિનિયમથી સ્પષ્ટ રીતે ફરમાવ્યું હોય અથવા છૂટ આપી હોય તેવી વિનિયમોથી નિર્દિષ્ટ કરવાની તમામ અથવા તે પૈકીની કોઇ બાબત માટે જોગવાઇ કરી શકાશે.

મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા.

**૫૯.** (૧) આ અધિનિયમની જોગવાઇઓનો અમલ કરવામાં કોઇપણ મુશ્કેલી ઉભી થાય તો, રાજય સરકાર, હુકમથી મુશ્કેલી દૂર કરવાના હેતુ માટે પોતાને જરૂરી અથવા ઈષ્ટ લાગે તેવી, આ અધિનિયમના ઉદ્દેશો અને હેતુઓ સાથે અસંગત ન હોય તેવી કોઇપણ બાબત, કરી શકશે:

પરંતુ આ અધિનિયમ અમલમાં આવ્યાની તારીખથી ત્રણ વર્ષ પૂરાં થયા પછી, આવો કોઇ હુકમ કરી શકાશે નહિ.

(૨) પેટા-કલમ (૧) હેઠળ કરેલો દરેક હુકમ, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ, રાજય વિધાનમંડળ સમક્ષ મૂકવો જોઇએ.

શંકાનું નિવારણ.

**૬૦.** શંકાના નિવારણ માટે, આથી જાહેર કરવામાં આવે છે કે આ અધિનિયમ હેઠળ નિર્દિષ્ટ કરેલા અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા વિષયક ઉપાયોથી તત્સમયે અમલમાં હોય તેવા કોઇ કાયદાને અધીન હોય તેવી વ્યકિતની કોઇ દીવાની અથવા ફોજદારી જવાબદારીને બાધ આવશે નહિ.

૬૧. આ અધિનિયમ અથવા નિયમો હેઠળ શુદ્ધબુદ્ધિથી કરેલ અથવા કરવા ધારેલ કોઇ કાર્ય માટે કોઇ વ્યક્તિ સામે કોઇ દાવો, ફોજદારી કામ અથવા બીજી કાનૂની કાર્યવાહી થઇ શકશે નહિ. શુદ્ધબુદ્ધિથી લીધેલાં પગલાંને રક્ષણ.

૬૨. આ અધિનિયમ હેઠળ ચૂકવવાપાત્ર કોઇ રકમ જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરવી જોઇશે. લેણાની વસૂલાત.

૬૩. અગ્નિશમન સેવાના દરેક સભ્યએ, રાજયમાં અથવા તેના સંબંધમાં અગ્નિનિવારણ અને જીવન સુરક્ષા માટે રાજયની કારોબારી સત્તાની રૂએ અથવા તત્સમયે અમલમાં હોય તેવા કોઇપણ કાયદાની જોગવાઇઓ અનુસાર રાજય સરકાર અથવા તેના અધિકારીઓ પૈકીના કોઇપણ અધિકારીઓ બજાવતા હોય તે કાર્યો ઉપરાંતની અને તેનાથી જેનું અલ્પીકરણ થશે નહિ તેવા આ અધિનિયમથી અથવા તે હેઠળ લાદેલ કાર્યો બજાવવા જોઇએ. અપવાદ.

૬૪. આગને કારણે પરિણમતી હોય તે સિવાયની કોઇપણ આપત્તિમાં સહાય કરવા માટે તમામ અગ્નિશમન સેવાઓ, આકસ્મિક સેવાઓ તરીકે ગણવામાં આવશે: અગ્નિશમન સેવાઓને આકસ્મિક સેવાઓ તરીકે ગણવા બાબત.

પરંતુ આકસ્મિક સેવાઓ માત્ર આગને લગતી ન હોય ત્યારે તે કિસ્સામાં, આકસ્મિક સેવાનો હવાલો સંભાળતા હોય તેવા સત્તાધિકારીના નિર્ણયો અને આદેશો અમલમાં રહેશે.

------------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.